શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ મેમનગર, અમદાવાદ તથા શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ વિશ્વવિદ્યા પ્રતિષ્ઠાનમ્નું મુખપત્ર

સદ્વિદ્યા પ્રવર્તાવો પૃથ્વી પરે...

ગુરુકુલ દર્શન

વર્ષ-૮ • અંક-૩ • માર્ચ-૨૦૧૬
પંચવાર્ષિક લવાજમ : રૂા. ૨૫૦/-

માતા પ્રેમવતી ઝુલાવે કુંવર પારણે રે,
ઝુલે કૃપાળો રંગભીનો રાજીવનેણ...

પૂજ્ય ગુરુદેવ શાસ્ત્રીજી મહારાજની પૂન્યતિથિ પ્રસંગે આયોજિત સત્સંગસભા

શિવરાત્રિ મહોત્સવ પ્રસંગે શિવજીનું પૂજન કરતા વિદ્યાર્થીઓ

શાકોત્સવ પ્રસંગે સભામાં ઉપસ્થિત સંતો-ભક્તજનો, દ્રોણેશ્વર ગુરુકુલ

બીજીવાર ભાજપાધ્યક્ષ ચુટાતા અમિતભાઈ શાહને આશીર્વાદ પાઠવતા પૂજ્ય બાલકૃષ્ણ સ્વામી

હિન્દુ ધર્મ આચાર્ય સભામાં ઉપસ્થિત પૂજ્ય સ્વામીજી તથા મહાન ધર્માચાર્યો, ગોવા

દર્શનમ્ સંસ્કૃત મહાવિદ્યાલય તથા મેમનગર ગુરુકુલ ખાતે લેવાયેલ ધાર્મિક પરિક્ષામાં સફળ વિદ્યાર્થીઓને આશીર્વાદ આપતા પૂજ્ય સદ્‌ગુરુ સંતો

ગુરુકુલ દર્શન

-: સંસ્થાપક :-

સદ્‌વિદ્યા સદ્ધર્મરક્ષક પ્રાતઃસ્મરણીય પ. પૂ. ગુરુદેવ
શાસ્ત્રીજી મહારાજ શ્રી ધર્મજીવનદાસજી સ્વામી

: આશીર્વાદ :
પરમ પૂજ્ય પ્રાતઃસ્મરણીય શ્રી જોગીસ્વામી

: પ્રેરણા :
પરમ પૂજ્ય ગુરુવર્ય શાસ્ત્રી શ્રી માધવપ્રિયદાસજી સ્વામી

વર્ષ-૮, માર્ચ : ૨૦૧૬, અંક : ૩

પ્રકાશક	: પ.પૂ. પુરાણી શ્રી બાલકૃષ્ણદાસજી સ્વામી
તંત્રી	: પાર્ષદ શ્રી શામજી ભગત
સંપાદક	: શાસ્ત્રી શ્રી યજ્ઞવલ્લભદાસજી સ્વામી
કલા સંયોજન	: હરિકૃષ્ણ ગ્રાફિક્સ
તસ્વીર	: જી. વિઝન
મુદ્રક	: સૂર્યા ઓફસેટ

છુટક અંક	: રૂા. ૫/-
પંચ વાર્ષિક લવાજમ	: રૂા. ૨૫૦/-
૨૫ વર્ષ લવાજમ	: રૂા. ૭૦૦/-
વિદેશમાં ૨૫ વર્ષ લવાજમ	: $ ૧૧૦/-

લવાજમ અંગે પત્રવ્યવહાર

'ગુરુકુલ દર્શન' કાર્યાલય
શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ
ગુરુકુલ રોડ, મેમનગર, અમદાવાદ-૫૨
ફોન (૦૭૯) ૨૭૯૧૨૫૯૧/૯૨

www.swaminarayangurukul.org
E-mail : darshan@sgvp.org

SwaminarayanGurukul
GurukulParivar

સાંવરિયા ગિરધારી

સાંવરિયા ગિરધારી ચુનરી મેરી ચીર ડારી
કારી કાંમરિયા રંગ સાંવરિયા
ભાન ભૂલી મૈં લાગી નજરીયા
ક્યા સે ક્યા કરડારી... ચુનરી મેરી

બાંય પકરિયા બીચ મગરિયા
લાજ ન આવે દેખે નગરિયા
દેવત ગારી નઠારી... ચુનરી મેરી

કર બરજોરી ફોરી ગગરિયા
ચુનરી રોરી રંગ કેસરિયા
ડારી ભર પિચકારી... ચુનરી મેરી

માધવ અમૂલખ મોર ચુનરીયા
સચ્ચે મોતી હીરા ભરિયા
તાર તાર કર ડારી... ચુનરી મેરી

- સ્વામી માધવપ્રિયદાસ

ચુનરી : ચૈતન્ય ઉપરના આવરણ
ગગરી : બુદ્ધિ કે મનની ધારણાઓ

શરણાગતિ

-સ્વામી માધવપ્રિયદાસ

અનેક મહાન વૈષ્ણવાચાર્યોએ ધર્માદિ સાધનોએ સહિત ભક્તિ ઉપરાંત શરણાગતિ ઉપર પણ ભાર મૂક્યો છે. ભગવદ્‌પાદ રામાનુજાચાર્યજીએ શરણાગતિના છ અંગો લખ્યા છે.

आनुकूल्यस्य संकल्पः प्रातिकूल्यस्य वर्जनम् ।
रक्षिष्यतीति विश्वासः गोप्तृत्ववरणं तथा ॥
आत्मनिक्षेपकार्पण्यं षड्विधा शरणागतिः ॥

ભગવાનને ગમે તે જ કરવું, ન ગમે તે ન કરવું.
'ભગવાન અવશ્ય રક્ષા કરશે' એવો દૃઢ વિશ્વાસ.
'હે ભગવાન! રક્ષા કરો.' એવી પ્રાર્થના.
પોતાનું સર્વસ્વ પરમાત્માને ચરણે સમર્પિત કરવું.
ભગવાનના દાસાનુદાસ થઈને દીનભાવે વર્તવું.

જીવ જ્યારે ભગવાનને શરણે થાય છે, ત્યારે આ છ પ્રતિજ્ઞાઓ કરે છે.

શાસ્ત્રોમાં શરણાગતિનો ભારે મહિમા વર્ણવેલો છે. વાલ્મિકી રામાયણમાં પ્રસિદ્ધ પ્રસંગ છે. લંકેશ રાવણના ભાઈ વિભીષણ જ્યારે ભગવાન રામચંદ્રજીને શરણે આવ્યા, ત્યારે વિભીષણને અભય આપતા ભગવાન કહે છે,

सकृदेव प्रपन्नो यः तवाऽस्मीति याचते ।
अभयं सर्वभूतेभ्यः ददाम्येतद् व्रतं मम ॥

"કોઈ જીવ એકવાર મારે શરણે આવીને પ્રાર્થના કરે કે, 'હે ભગવન્! આજથી હું તમારે શરણે છું, તમે મારો સ્વીકાર કરો' આવા શરણાગત જીવને સર્વ પ્રકારે નિર્ભય બનાવી દેવાનું મારું જીવનવ્રત છે.

ભગવાન શ્રીકૃષ્ણ શ્રીમદ્ ભગવદ્ ગીતામાં કહે છે,

अपि चेत् सुदुराचारो भजते मामनन्यभाक् ।
साधुरेव स मन्तव्यः सम्यग्व्यवसितो हि सः ॥

"કોઈ ગમે એટલો દુરાચારી હોય પણ જો એ અનન્યભાવે મારો આશ્રય કરે, તો એ જ ક્ષણે એને સર્વ પાપોથી મુક્ત સાધુ સમાન ગણવો; કારણ કે એણે મારે શરણે આવવાનો શ્રેષ્ઠ નિર્ણય કર્યો છે."

दैवी ह्येषा गुणमयी मम माया दुरत्यया ।
मामेव ये प्रपद्यन्ते मायामेतां तरन्ति ते ॥

"દૈવી અને ત્રિગુણમયી એવી જે આ મારી માયા એને તરવી ઘણી દુષ્કર છે, પરંતુ જે મારે શરણે આવે છે તે આ માયાના મહાસાગરને સરળતાથી તરી જાય છે."

ભગવાન શ્રી સ્વામિનારાયણ વચનામૃતમાં શરણાગતિ માટે આશ્રય શબ્દ પ્રયોજે છે. વરતાલના પાંચમા વચનામૃતમાં ભગવાન શ્રી સ્વામિનારાયણ આશ્રય અથવા તો શરણાગતિનું રૂપ સમજાવતાં કહે છે,

सर्वधर्मान् परित्यज्य मामेकं शरणं व्रज ।
अहं त्वा सर्व पापेभ्यो मोक्षयिष्यामि मा शुचः ॥

'હે અર્જુન! સર્વ ધર્મને તજીને તું એક મારા જ શરણને પામ્ય, તો હું તને સર્વ પાપ થકી મૂકાવીશ; તું કાંઈ શોક કરીશ મા.' આ રીતે અનન્યભાવે ભગવાનને શરણે જવું એને આશરો કહેવાય. ભગવાન શ્રી સ્વામિનારાયણે ગ.પ્ર. ૩૩મા વચનામૃતમાં આશ્રયનું સ્વરૂપ અને ભેદ સમજાવ્યા છે. જેનો સાર નીચે પ્રમાણે છે.

એકવાર ભગવાન શ્રી સ્વામિનારાયણ ગઢપુરમાં સંતોની સભા ભરીને વિરાજમાન હતા. એ પ્રસંગે સદ્‌ગુરુ મુક્તાનંદ સ્વામીએ મહારાજને પ્રશ્ન પૂછ્યો,

"હે મહારાજ! ભગવાનને પ્રસન્ન કરવાનાં સાધન અનંત પ્રકારના શાસ્ત્રમાં કહ્યા છે, પણ તે મધ્યે એવું એક સાધન કયું બળવાન છે, જે સમગ્ર સાધન કર્યે જેવા

ભગવાન પ્રસન્ન થાય તેવા એક સાધને કરીને ભગવાન રાજી થાય?''

મુક્તાનંદ સ્વામીના પ્રશ્નનું સમાધાન કરતાં મહારાજ બોલ્યા, ''સ્વામી! ભગવાનનો જે દૃઢ આશરો એ જ એક સર્વ સાધનમાં મોટું સાધન છે. તેણે કરીને ભગવાન રાજી થાય છે, અને તે આશરો અતિ દૃઢ જોઈએ. એ આશ્રયમાં કોઈ પણ પ્રકારની પોલ હોવી જોઈએ નહીં.''

આટલી વાત કરી મહારાજ અતિ કરુણાએ કરી બોલ્યા, ''સ્વામી! ભગવાનના આશ્રયના ત્રણ ભેદ છે. મૂઢપણે થતો આશ્રય, પ્રીતિથી થતો આશ્રય અને સમજણથી થતો આશ્રય. મૂઢપણે જેને ભગવાનનો દૃઢ આશ્રય હોય તેને બ્રહ્મા જેવો હોય તે આશ્રયમાંથી ડોલાવે તોય પણ ડોલે નહિ. જેને ભગવાનને વિષે દૃઢ પ્રીતિથી આશ્રય હોય તેને પરમેશ્વરને મૂકીને બીજા પદાર્થમાં જોરાવરીએ પ્રીતિ કરે તોય પણ થતી નથી. આવી રીતના આશ્રયને પ્રીતિએ કરીને ભગવાનનો આશરો કહેવાય છે.''

આશ્રયનો ત્રીજો પ્રકાર સમજાવતા ભગવાન શ્રી સ્વામિનારાયણ કહે છે કે, ''જેને બુદ્ધિ વિશાળ હોય તે ભગવાનનું સગુણપણું, નિર્ગુણપણું, અન્વયપણું, વ્યતિરેકપણું સમજતો હોય.''

'ભગવાન જે રીતે સૃષ્ટિની ઉત્પત્તિ કરે છે, તેની રીતને સમજતો હોય. ભગવાન અક્ષરબ્રહ્મથી લઈને કીટ-પતંગ પર્યંત સર્વત્ર પાત્રની તારતમ્યતાએ કરીને વ્યાપકપણે રહ્યા છે, તેની રીતને સમજતો હોય. ભગવાન દેવ, મનુષ્ય, પશુ-પક્ષીની યોનિમાં વિવિધ પ્રકારે અવતારો ધરે છે એની રીતને સમજતો હોય.'

'આવી રીતે સમજણે કરીને જેને દૃઢ આશ્રય હોય તે બીજાનો ટાળ્યો તો ટળે નહીં, પોતાનો ટાળ્યો પણ ન ટળે.' ભગવાન ગમે તેવાં મનુષ્યચરિત્ર કરે, તો પણ તેની બુદ્ધિને વિષે ક્યારેય ભ્રાંતિ થાય નહીં.'

ભગવાનના આશ્રયનો મહિમા સમજાવતા ભગવાન શ્રી સ્વામિનારાયણ ગ.મ. ૧૩માં કહે છે કે, ''જેને ભગવાનનો આ કહ્યો એવી રીતે દૃઢ આશ્રય હોય, તે જાણીને તો ભૂંડું કર્મ કરે જ નહિ, પણ કદાચિત્ ભૂંડા દેશકાળાદિકને યોગે કરીને જો કાંઈક અવળું કર્મ થઈ જાય, તો પણ તે દૃઢ આશ્રયવાળો કલ્યાણના માર્ગ થકી પડી જાય નહી, માટે એ જે ભગવાનનો દૃઢ આશ્રય છે, એવો નિર્વિઘ્ન માર્ગ કોઈ નથી.''

અહીં એક બીજી વાત સમજવાની છે, 'પરમાત્માની પ્રાપ્તિ રૂપ કલ્યાણ તો એક માત્ર ભગવાન વતે જ થાય છે, સાધનોથી નહીં.'

કોઈ એમ માને કે હું ધર્મ, જ્ઞાનાદિ સાધનોથી પરમાત્માને પ્રાપ્ત કરી લઉં, તો એ શક્ય નથી. ભગવાન સાધનસાધ્ય નથી, કૃપાસાધ્ય છે. સાધન માત્ર ચિત્તશુદ્ધિ અને પરમાત્માની પ્રસન્નતા માટે છે. સાધનોથી પ્રસન્ન થયેલા પરમાત્મા જીવનું કલ્યાણ કરે છે માટે સાધકે સાધનોનું બળ ન રાખવું, ભગવાનની કૃપાનું બળ રાખવું.

આ અંગે વચનામૃત ગ.મ. ૬૬માં ભગવાન શ્રી સ્વામિનારાયણે કરેલી વાતનો સાર નીચે પ્રમાણે છે.

એકવાર ભગવાન શ્રી સ્વામિનારાયણ ગઢપુરમાં સભા ભરીને વિરાજમાન હતા. સભામાં બેઠેલા મહાવિદ્વાન નિત્યાનંદ સ્વામીએ ભગવાન શ્રી સ્વામિનારાયણને પ્રશ્ન પૂછ્યો કે, ''હે મહારાજ! ભગવાનને પામ્યાનું એક જ સાધન છે કે ઘણાંક સાધને કરીને ભગવાન પમાય છે?

જો તમે એમ કહેશો કે જ્ઞાન, વૈરાગ્ય, ભક્તિ અને ધર્મ એ ચાર સાધનથી ભગવાન પમાય છે; એમ કહીએ તો એક ભગવાનના આશ્રયે કરીને જ કલ્યાણ થાય છે, એવા અનન્યભાવનો નિર્ધાર રહેતો નથી અને જો એક આશ્રયે કરીને જ કલ્યાણ થાય છે એમ કહીએ તો અન્ય સાધનોની આવશ્યકતા રહેતી નથી. તો શું સમજવું?''

નિત્યાનંદ સ્વામીનો વિદ્વત્તાપૂર્ણ પ્રશ્ન સાંભળીને ભગવાન શ્રી સ્વામિનારાયણ અત્યંત પ્રસન્ન થયા અને બોલ્યા, ''કલ્યાણ તો એક ભગવાન વતે જ છે, પરંતુ એ સર્વે સાધન ભગવાનની પ્રસન્નતાને અર્થે છે.''

'ભગવાને સ્વયં પોતાના ભક્તોને ધર્માદિક સાધનોનું અનુષ્ઠાન કરવાની આજ્ઞા આપી છે. ભગવાન મહાસમર્થ છે. મોટા મોટા બ્રહ્માદિક દેવતાઓ પણ એમની આજ્ઞા પાળે છે. કાળમાયાદિક જે બ્રહ્માંડના કારણ છે તે પણ ભગવાનના ભય થકી સાવધાન થઈને ભગવાનની આજ્ઞામાં રહે છે, માટે ભગવાનની આજ્ઞાને દૃઢ કરીને માનવી એજ ભગવાનના ભક્તનું લક્ષણ છે. ભગવાનની આજ્ઞા પાળે એના ઉપર જ ભગવાનની પ્રસન્નતા થાય છે, માટે સાધન સર્વે દ્રઢ કરીને રાખવા. સુરદાસજી લખે છે.

અપબલ, તપબલ ઔર બાહુબલ ચોથો હૈ બલદામ,

સુર કિશોર કૃપા સે સબબલ, હારે કો હરિ નામ.

સુનેરી મૈને નિર્બલ કે બલ રામ...

વ્યાસ મુનિની કલમે...

પ્રાગટ્ય પુરુષોત્તમનું

- સાધુ યજ્ઞવલ્લભદાસ

ભારતીય સંસ્કૃતિ.... અનંત અવતારો, મહાન સત્પુરુષો અને ભગવદ્‌ભક્તો દ્વારા પોષાયેલી અને સેવાયેલી રહી છે. એમનાં શુભ વિચરણ તથા સદુપદેશથી પરમ પવિત્ર થયેલી ભારતભૂમિએ દુનિયાભરમાં એક વિશિષ્ટ સંસ્કૃતિનું સ્થાન પ્રાપ્ત કર્યું છે. આ સંસ્કૃતિના રક્ષણ-પોષણ માટે ધરા ઉપર અદ્યાપિ પર્યન્ત ભગવાનના અવતારો અથવા સત્પુરુષોનું વિચરણ થતું રહ્યું છે.

ભારતીય સંસ્કૃતિ અવતારવાદને પ્રસ્થાપિત કરનારી સંસ્કૃતિ છે. અહીં અવાર-નવાર પૂર્ણતત્ત્વ અવતાર ધારણ કરી પધારે છે અને અવતાર ધર્યાનું પ્રયોજન પૂર્ણ કરે છે.

અનેક અવતારો થયા, દરેકના પ્રયોજન જૂદા જૂદા હતા. કોઈ અવતાર પૃથ્વીને ઉગારવા, તો કોઈ પૃથ્વીને રસાળ કરવા, કોઈ યજ્ઞકાર્યનું પ્રસ્થાપન કરવા તો કોઈ ધર્મકાર્યમાં પ્રવેશેલી બદીઓને દૂર કરવા, કોઈ અવતાર અસુરોને મારવા તો કોઈ ભક્તને લાડ લડાવવા, જ્યાં જેવી જરૂર ત્યાં તે રીતે આ ધરા ઉપર ભગવાન મનુષ્ય, પશુ, પક્ષી રૂપે અવતરતા રહ્યા છે.

હંસ, નૃસિંહ, મત્સ્ય, કૂર્મ, વરાહ, હયગ્રીવ વગેરે રૂપે અવતરેલા ભગવાન પ્રયોજન પૂર્ણ કરી અંતર્ધાન થયા. મર્યાદા પુરુષોત્તમ શ્રી રામચંદ્રજીએ રાવણાદિ અસુરોનો નાશ કર્યો અને જગતમાં ધર્મ-મર્યાદા તથા આદર્શોની સ્થાપના કરી. ફરી જ્યારે ધર્મની ગ્લાનિ થઈ ત્યારે ભગવાને શ્રીકૃષ્ણ સ્વરૂપે પ્રગટ થઈ કંસ, શિશુપાલ વગેરે અસુરોનો વધ કર્યો.

અસુરોનો નાશ અને ભક્તોનું રક્ષણ તો ભગવાન પોતાના ધામમાં રહીને પણ પોતાની ઈચ્છા માત્રથી જ કરી શકે છે. અસુરોના નાશ માટે ભગવાનને પૃથ્વી ઉપર અવતાર ધારણ કરવો જ પડે એવું નથી. જો આપણે એવું માનીએ તો ભગવાનનું એટલું અસામર્થ્ય કહેવાય. ભગવાન તો અવતાર ધારણ કર્યા વિના, ધામના તખ્તા ઉપર વિરાજમાન થયા થકા પણ એ સામાન્ય કાર્ય કરી શકે છે.

ભગવાન શ્રી સ્વામિનારાયણના મતે પરમાત્માના અવતરણના હેતુનો ઉદ્દેશ અનોખો છે, જેની સંતો સાથેની પ્રશ્નોત્તરીમાં ચર્ચા કરે છે. ભગવાન શ્રી સ્વામિનારાયણે

પરમહંસોને પ્રશ્ન કર્યો, "ભગવાન અવતાર ધારણ કર્યા વિના પણ જીવનું કલ્યાણ કરવા સમર્થ છે. સંકલ્પમાત્રથી અસુરોને મારવા માટે સમર્થ છે. સત્પુરુષો દ્વારા ધર્મનું સ્થાપન પણ કરાવી શકે છે. તો પછી ભગવાનને અવતાર ધર્યાનું શું પ્રયોજન છે?"

સભામાં બેઠેલા સંતો ઉત્તર કરવા માંડ્યા, પણ સમાધાન થયું નહીં. ત્યારે સંતોએ કહ્યું, "મહારાજ! હવે આપ જ આ પ્રશ્નનો ઉત્તર કરો."

ત્યારે ભગવાન શ્રી સ્વામિનારાયણ ઉત્તર કરતા કહે છે, "ભગવાનને અવતાર ધર્યાનું એ જ પ્રયોજન છે જે, ભગવાનને વિષે અતિશય પ્રીતિવાળા જે ભક્ત હોય તેની ભક્તિને આધીન થઈને તે ભક્તને સુખ દેવાને અર્થે જેવી ભક્તની ઈચ્છા હોય તેવા રૂપનું ધારણ કરે છે. પછી જેવા જેવા પોતાના ભક્તના મનોરથ હોય તે સર્વે પૂરા કરે છે. અને તે ભક્ત હોય તે સ્થૂળભાવે યુક્ત છે અને દેહધારી છે માટે ભગવાન પણ સ્થૂળભાવને ધારણ કરીને દેહધારી જેવા થાય છે અને તે પોતાના ભક્તને લાડ લડાવે છે અને પોતાની સામર્થીને છુપાડીને તે ભક્ત સંગાથે પુત્રભાવે વર્તે છે અથવા સખાભાવે વર્તે છે અથવા મિત્રભાવે વર્તે છે અથવા સગાં સંબંધીને ભાવે વર્તે છે. તેણે કરીને એ ભક્તને ભગવાનની ઝાઝી મર્યાદા રહેતી નથી. પછી જેવી એ ભક્તને ઈચ્છા હોય તેવી રીતે લાડ લડાવે છે. માટે પોતાના જે પ્રેમી ભક્ત તેના મનોરથ પૂરા કરવા એ જ ભગવાનને અવતાર ધર્યાનું પ્રયોજન છે અને તે ભેળું અસંખ્ય જીવનું કલ્યાણ પણ કરે છે ને ધર્મનું સ્થાપન પણ કરે છે." (વચનામૃત કા.-૫)

ધર્મ-સ્થાપન અને અસુર-સંહાર જેવા પ્રયોજનોને ઉદ્દેશીને પૂર્વે અનંત અવતારો થયા, પરંતુ ભગવાન સ્વામિનારાયણના પ્રાગટ્યનું કારણ કંઈક અનોખું હતું. ભગવાન શ્રી સ્વામિનારાયણ સ્વયં પોતાના પ્રાગટ્યનો હેતું બતાવતા કહે છે, "અમારું પ્રાગટ્ય અનંત જીવોને માયાથી મુક્ત કરીને, બ્રહ્મરૂપ કરીને આત્યંતિક મુક્તિ આપવા માટે થયું છે."

ભગવાન શ્રી સ્વામિનારાયણ પોતાના આશ્રિતોને એક પત્રમાં લખતા કહે છે,

"જો મેં પ્રગટ હુઆ હું તબ સબ લોગું કું ધ્યાન, ધારણા, સમાધિ તિસકા પ્રગટ દેખ્યાયા હું... આજ તો મેં અવિદ્યારૂપ જો માયા હૈ, તિનકે નાશકે વાસતે પ્રગટ હુઆ હું... જ્યોં વેદોકા વચન જ્યો અવિદ્યાકું નાશ કરો, એસી જો મેરી સ્તુતિ કીયા હૈ સો વચનકુ આજ મેં સત્ય કરતા હું. અનંત જીવુંકા જો અવિદ્યારૂપ જો માયા હે તિસકા મેં નાશ કરતા હું. જીસ દિનસું મેં પ્રગટ હુવા હું, તિસ દિનસું અવિદ્યા કે નાશ કે વાસ્તે પ્રવર્ત્યા હું... આજ તો મેરા પ્રયોજન એહિ હે, જ્યોં અવિદ્યાકું નાશ કરના, જીવકું બ્રહ્મરૂપ કરના. ઈસ પ્રયોજન વાસ્તે મેં પ્રગટ હુવા હું. સો મે કૈસા હું ? અનંતકોટિ મહાવિષ્ણુ તિનકા અંતર્યામી હું, તિનકા આશ્રય હું, તિનમેં મિલકર સર્વબ્રહ્માંડરૂપ હોય કર સ્થિત રહા હું, અરૂ સર્વસુ જૂદા રહ્યા હું. જીવકું મુક્તિ દેનેકે વાસ્તે મનુષ્ય એસા બન્યા હું..." (શ્રીહરિની પ્રત્ર પ્રસાદી)

અનંત બ્રહ્માંડોના અધિપતિ, અવતારોના અવતારી, અક્ષરથી પર એવા પુર્ણપુરુષોત્તમ ભગવાન શ્રી સ્વામિનારાયણે પોતાના પ્રાગટ્યનો હેતુ દર્શાવ્યો. પરંતુ વેદ, પુરાણાદિ શાસ્ત્રોમાં એ અવતારીના પ્રાગટ્યનો હેતુ, ઉદ્દેશ કે ભવિષ્યવાણી શોધીએ તો મહર્ષિ વેદવ્યાસની કલમે અનેક જગ્યાએ સ્પષ્ટ રીતે વર્ણન થયેલું જોવા મળે છે.

यदा यदा हि धर्मस्य ग्लानिर्भवति भारत।
अभ्युत्थानमधर्मस्य तदात्मानं सृजाम्यहम्॥
परित्राणाय साधूनां विनाशाय च दुष्कृताम्।
धर्मसंस्थापनार्थाय संभवामि युगे युगे॥

(गीता-४-७/८)

ભગવાન શ્રીકૃષ્ણ કહે છે, "હે અર્જુન! જ્યારે જ્યારે ધર્મની ગ્લાનિ થાય છે અને અધર્મ વૃદ્ધિ પામે છે ત્યારે સાધુઓની રક્ષા માટે, દુષ્ટોના વિનાશ માટે અને ધર્મની સ્થાપના માટે હું યુગે યુગે અવતાર ધારણ કરું છું. જ્યારે જ્યારે ધર્મની ગ્લાનિ થાય છે અને અધર્મની વૃદ્ધિ થાય છે, ત્યારે ત્યારે હું અવતાર ધારણ કરું છું."

આ ભૂમંડળના અન્ય ખંડોની સરખામણીમાં ભારતવર્ષ અધ્યાત્મ ક્ષેત્રે અનેરી ભાત પાડે છે. આ ભાતભાતની ભાત ભગવાનના અવતારો તથા સત્પુરુષોના વિચરણને આભારી છે. ભારતની આગવી સંસ્કૃતિ તેને કારણે ઉજ્જ્વળ રહી છે. સંજ્જનો અને સંતો, સતીઓ એને વીરોની આ ભૂમિમાં જ્યારે અધર્મની છાપ પડે છે, ધર્મની ગ્લાનિ થાય છે, ત્યારે સ્વયં ભગવાન અથવા ભગવાનના ભક્ત પ્રગટ થઈ ભરતખંડની ભૂમિને ભાગ્યશાળી બનાવે છે.

તો જે સમયે આ ભૂમંડળ ઉપર ભગવાન શ્રી સ્વામિનારાયણનું અવતરણ થયું, તે સમયે ભારતવર્ષની સામાજિક અને રાજકીય પરિસ્થિતિ ઉપર નજર નાંખીએ ત્યારે ભયાનક પરિસ્થિતિને સાંભળી રોમાવલી

ખડી થઈ જાય છે.

સત્તરમી સદીના પ્રારંભથી અઠારમી સદીના મધ્યભાગ સુધીનો આશરે દોઢ સૈકો ભારતમાં અંધાધૂંધીનો હતો. મોગલસત્તા ધીરે ધીરે અસ્ત પામી રહી હતી. અંગ્રેજી સત્તા ધીરે ધીરે પોતાનો પાયો મજબૂત કરી રહી હતી. હજુ અંગ્રેજ પ્રજાની રાજ્યાભિલાષો બરાબર પ્રગટ થઈ ન હતી. બંગાળને પોતાના કબ્જામાં લઈ એમણે પોતાનું ધ્યાન મુખ્યત્વે વેપાર ઉપર રાખ્યું હતું. પૂર્વ ભારતમાં મરાઠાઓ, દક્ષિણમાં પેશ્વા, નિઝામ, રાજસ્થાનમાં રજપૂતો તથા ઉત્તરમાં શીખો તે તે પ્રદેશો ઉપર રાજ્ય કરી રહ્યા હતા. પરંતુ એ સમયે ગુજરાતનો કોઈ એક ધણી કે તારણહાર રહ્યો ન હતો. પેશ્વા અને ગાયકવાડ મરજીમાં આવે એ પ્રમાણે ગુજરાતની સત્તા હાથવગી કરી મનમાની કરી રહ્યા હતા. અમૂક માથાભારે જાતો પોતાના જ દેશવાસીઓને લૂંટીને રંજાડી રહી હતી.

ન માત્ર ગુજરાત, પરંતુ લગભગ ભારતભરની રાજ્યસત્તા નિર્બળ અને અસ્થિર હતી. પ્રજાનું રક્ષણ કરનાર કોઈ સબળ રાજ્યસત્તા સત્તા ઉપર ન હતી. ભારતખંડ નાનાં નાનાં ટૂંકડાંઓમાં વહેચાઈ ગયો હતો. જે સત્તા ભોગવતા હતા એ પોતાની સત્તાના જોરે આમપ્રજાને ભારે પીડી રહ્યા હતા. જે સાત્ત્વિક હતા, એ પણ જુદા જુદા સંપ્રદાયોના ધર્માચાર્યોના સંપૂર્ણ અંકુશ હેઠળ હતા. જે ધર્મસત્તા હતી એની પાંખો તૂટેલી હતી, મર્યાદાઓ રહી ન હતી અને ભારે અરાજકતા પ્રવર્તતી હતી.

એ સમયે સમગ્ર ભારતમાં કબીર, કુડા, કૌલ, શાક્ત, વામમાર્ગી, શુષ્કવેદાન્તિ, રામાનુજ, વલ્લભ, જૈન જેવા અનેક સંપ્રદાયો ફળ્યા-ફૂલ્યા હતા. અનેક વૈરાગીઓ નરસિંહ, અંબિકા, કાળી, શિવ, હનુમાન, ભૈરવ વગેરે દેવ-દેવીઓની ઉપાસના કરતા. ઉપાસનાના જોરે નિર્બળ અને લાચાર પ્રજા ઉપર પોતાનું જોર ચલાવતા. એમનાં હાથમાં શાસ્ત્રોને બદલે શસ્ત્રો શોભતા, મહારાજાઓને પણ ન હોય અવો એમનો ઠાઠ રહેતો, શિષ્યોના મોટા મોટા ટોળાઓ રાખતા અને ભવ્ય સવારીઓ નીકળતી ત્યારે ભલભલા રાજાઓની આંખો અંજાઈ જતી. એમની સવારી જે ગામમાંથી પસાર થતી, તે ગામનું વાતાવરણ ભયાનક થઈ જતું. અસ્ત્ર-શસ્ત્ર,મંત્ર-તંત્ર અને શાપની ભીતિ બતાવીને આમ આદમી પાસેથી ભોજન તથા ધનની ઉઘાડી લૂંટ કરતા અને માનસિક ત્રાસ આપતા.

ધર્મ દરેક પ્રકારે છિન્ન-ભિન્ન થઈ ગયો હતો. ભાંગફોડ, ચોરી, લૂંટફાટ, રંજાડ, ધાડ, આગ, વ્યભિચાર, મારામારી, કામણ-ટૂમણ, ભૂત-પ્રેતાદિનો ઉપદ્રવ તથા કૌભાંડો અનેક ઘણાં વધી ગયાં હતાં. ઉપરનાં લક્ષણો સાધુ વર્ગમાં પણ ઊંડા પ્રવેશેલા હતાં. ત્યાગીવર્ગ આડંબરી અને સ્વછંદી બની ગયો હતો. સામાન્ય જનતાનો કોઈ ઉદ્ધારક તથા રક્ષક નહિ હોવાથી તે ખૂબ જ ત્રાસી ગઈ હતી. 'મારે તેની તલવાર' એવી પરિસ્થિતિ સર્જાઈ હતી. પ્રજાના જાનમાલની સલામતી બિલકુલ ન હતી.

ધર્મના નામે ધતિંગ અને ભક્તિના નામે ભ્રષ્ટાચારને પોષણ મળતું હતું. જ્ઞાનને નામે અજ્ઞાનનો વધારો થતો હતો. વૈરાગ્યના બહાના નીચે વૈભવ-વિલાસ પોષાતા હતા. સત્ય, સદાચાર અને સદ્‌વિચાર ભુલાયાં હતાં. દંભ, દુરાચાર, અનીતિ, અન્યાય, અનાચાર વધ્યાં હતાં. જીવન સ્વછંદી બની ગયું હતું. કહેવાતા જ્ઞાનીઓમાં વ્યસન, વૈભવ-વિલાસ, વિકારો વધી રહ્યાં હતાં. સત્‌શાસ્ત્રોના પોતાને મનફાવતા અને મોટે ભાગે અવળા અર્થો કરીને પંચ મકાર (મદ્ય, માંસ, મૈથુન, મત્સ્ય, મુદ્રા)નું પ્રતિપાદાન કરી, મલિન દેવ-દેવીઓની ઉપાસનાથી મંત્ર-તંત્રની સિદ્ધિ બતાવી, સનાતન ભાગવત ધર્મને વિકૃત બનાવી, ભોળાં અને અંધશ્રદ્ધાળુ માણસોને ભરમાવનારાની જમાતો જમાવટ કરી રહી હતી.

કાળી, શીતળા, કાળ-ભૈરવ, વીર વગેરેની શાંતિ માટે લોકો જીવહિંસા કરી રહ્યાં હતાં. દયા નામશેષ થઈ રહી હતી. રાજાઓ અને ધર્મગુરુઓમાં માંસ ભક્ષણની રુચિથી યજ્ઞો દ્વારા તથા ગમે તે બહાના નીચે જીવહિંસાની પ્રવૃત્તિ મોટા પ્રમાણમાં થતી હતી. આ સિવાય વહેમોનો ભંડાર પણ કાંઈ ઓછો ન હતો. ભાગ્યે જ કોઈ કુટુંબ એવું હશે જેના ઘરમાંનું કોઈ મનુષ્ય સાધારણ રીતે ભૂત યોનિને પ્રાપ્ત થયું મનાયું ન હોય. ભાગ્યે જ કોઈ પોળ કે શેરી એવી હશે કે જ્યાં એકાદ ઘર ભૂતશાળા તરીકે પ્રસિદ્ધિ પામ્યું ન હોય. આ ઉપરાંત નરબલિ આપવાનો કુરિવાજ પણ ખૂબ વ્યાપક બનતો જતો હતો.

આ રીતે આજથી બસો વર્ષ પૂર્વેની ભારતની રાજકીય, સામાજિક અને ધાર્મિક પરિસ્થિતિ અધોગતિની પરાકાષ્ઠાના પંથે આગળ ધપતી રહી હતી. આ પરિસ્થિતિને સુધારવા ભગવાનને પૃથ્વી ઉપર અવતાર લેવાનો સમય પાકી ગયો હતો. ત્રાસી ગયેલી અને ધર્મ ભાવનાવાળી પ્રજાને એક ધર્મરક્ષકની તાતી જરૂર હતી. વિશ્વને સાચો માર્ગ બતાવે તેવી કોઈ મહાન વ્યક્તિની રાહ પ્રજા જોઈ રહી હતી.

આવા સમયે વેદવ્યાસની ઉપરોક્ત આગાહીને સત્ય કરતા ઈ.સ. ૨ એપ્રિલ, ૧૭૮૧ (સંવત્ ૧૮૩૭, ચૈત્ર સુદી નવમી)ના રોજ સર્વ અવતારોના અવતારી પુર્ણ પુરુષોત્તમ નારાયણ સ્વયં નાનકડાં નવજાત શિશુનું રૂપ ધારણ કરી ધર્મ-ભક્તિના ખોળામાં કિલ્લોલ કરી રહ્યા હતા.

ભગવાન શ્રી સ્વામિનારાયણનું પૃથ્વી પર અવતરણ આકસ્મિક ન હતું. એમના અવતરણના પૂર્વ સંકેતો મહર્ષિ વ્યાસ મુનિએ શ્રીમદ્ ભાગવત તથા અષ્ટાદશ પુરાણોમાં અનેક જગ્યાએ પોતાની કલમથી ટાંક્યા છે.

આજથી બસો વર્ષ પૂર્વે ભગવાનના જેટલા અવતારો થયા તે મુખ્યત્વે અસુરોનો નાશ કરવા માટે અથવા ભક્તની રક્ષા માટે થયા હતા. ભાગવત ધર્મનું સ્થાપન કરવા ભવિષ્યમાં બીજો અવતાર થશે એવું ભાગવતના નીચેના શ્લોક પરથી જણાઈ આવે છે.

ભાગવતજીના ઉત્તરાર્ધના આરંભે ભગવાન શ્રીકૃષ્ણ બલરામજીને કહે છે...

अन्योऽपि धर्मरक्षायै देहः संभ्रियते मया ।
विरामायाव्यधर्मस्य, काले प्रभवतः क्वचित् ॥

(भागवत-१०-५०-१०)

"હે બલરામ ! મારો આ અવતાર અસુરોના વિશાળ સમુદાયનો નાશ કરવામાં જ જશે. ધર્મની રક્ષા માટે અને અધર્મના વિનાશ માટે ભવિષ્યમાં હું બીજો અવતાર ધારણ કરીશ."

ભાગવતજીના દ્વિતીય સ્કન્ધમાં શુકદેવજી મહારાજ કહે છે,

किरातहूणान्ध्रपुलिन्दपुल्कसा
आभीरकङ्कायवनाः खसादयः ।
येऽन्ये च पापा यदुपाश्रयाश्रयाः
शुध्यन्ति तस्मै प्रभविष्णवे नमः ।

(भागवत-२-४-१८)

"ભવિષ્યમાં એક એવા ભગવાન પ્રગટ થશે કે એમને આશ્રિત પરમહંસોના આશ્રયથી કિરાત, હૂણ, અંધક, પુલિન્દ, પુષ્કસ, આહીર, કાઠી, યવન, ખવાસ વગેરે અનેક ઊંચી-નીચી ગણાતી જાતિઓનો ઉદ્ધાર થશે. તેમજ અન્ય અનેક પાપીઓ પણ પવિત્ર થઈ જશે, એવા પ્રભવિષ્ણુ અર્થાત્ ભવિષ્યમાં પ્રગટ થનારા ભગવાનને હું વારંવાર નમસ્કાર કરું છું."

ભગવાન શ્રી સ્વામિનારાયણ તથા તેમના પાવનકારી સંતોનો આશ્રય-સમાગમ કરવાથી શુકદેવજી મહારાજની ભવિષ્યવાણીમાં જેનો જેનો સંકેત છે એવા જોબન પગી, મૂંઝો સુરું, જેમલ મેર જેવા હજારો પાપના પર્વત ગણાય તેવા પતિત અને અધમ જીવોના કલ્યાણ થયા હતા.

ભગવાન વેદવ્યાસ કળિયુગમાં થનાર અવતારની ભવિષ્યવાણી કરતા યોગેશ્વર કરભાજન અને જનક મહારાજના સંવાદ દ્વારા કહે છે,

कृष्णवर्णं त्विषाकृष्णं साङ्गोपाङ्गास्त्रपार्षदम् ।
यज्ञैः सङ्कीर्तनप्रायैर्यजन्ति हि सुमेधसः ॥

(भागवत-११-५-३२)

કળિયુગમાં અવતરેલા ભગવાનનો વર્ણ શ્યામ હોય છે, પરંતુ અત્યંત તેજસ્વીતાને લીધે સુંદર શ્વેત જણાય છે. તેઓના દર્શન કરનારના નાડી-પ્રાણ અને ચિત્ત એમાં ખેંચાઈ જાય છે. તેઓ અસ્ત્ર-શસ્ત્રથી સજ્જ પાર્ષદોથી ઘેરાયેલા હોય છે. કળિયુગના સાત્ત્વિક બુદ્ધિવાળા મનુષ્યો નામ, ગુણ, લીલા વગેરેના કીર્તન-શ્રવણ રૂપ યજ્ઞોથી એ પરમાત્માની આરાધના કરે છે.

મહર્ષિ વેદવ્યાસની આ આગાહી ભગવાન શ્રી સ્વામિનારાયણના જીવન સાથે એકદમ મળતી આવે છે. ભગવાન શ્રી સ્વામિનારાયણના પ્રથમ દર્શન કરતાની સાથે જ અનેક લોકોને ક્યારેય ન અનુભવાણી હોય એવી

શાંતિનો અનુભવ થતો હતો. કેટલાકને તો સમાધિ થઈ જતી હતી ! તેઓ સદાય અનેક સોમ-સુરાદિ હથિયારબંધ પાર્ષદોથી ઘેરાયેલા રહેતા અને એમના પાસે કથાવાર્તારૂપી જ્ઞાનયજ્ઞનો તો સતત અખાડો જામ્યો રહેતો.

યોગેશ્વરોનું આ ભવિષ્યકથન ભગવાન શ્રી સ્વામિનારાયણના અવતરણ પ્રત્યે સ્પષ્ટ સંકેત કરે છે.

कृतादिषु प्रजा राजन् कलाविच्छन्ति सम्भवम् ।
कलौ खलु भविष्यन्ति नारायणपरायणाः ॥

(ભાગવત-૧૧-૫-૩૮)

'હે જનક ! સત્યુગની પ્રજા કળિયુગમાં જન્મ ઈચ્છે છે, કારણ કે કળિયુગમાં પ્રજા નારાયણ પરાયણ થશે. અર્થાત્ ભગવાન નારાયણનો આશ્રય કરીને આત્યંતિક કલ્યાણને પામશે.'

ભગવાન શ્રી સ્વામિનારાયણની પૃથ્વી ઉપર પ્રગટ થવાની સ્પષ્ટ આગાહી સ્કન્દ પુરાણના વિષ્ણુખંડ અંતર્ગત વાસુદેવ માહાત્મ્યમાં પણ થયેલી છે.

વાસુદેવ માહાત્મ્યના અધ્યાય ૧૮ માં ભગવાન વાસુદેવ બ્રહ્માજી પ્રત્યે કહે છે કે, "તમને હું વેદોનું વિજ્ઞાન આપું છું, તદ્નુસારે તમે સૃષ્ટિની રચના કરો. તમારા કાર્યમાં મદદ કરવા હું સમયે સમયે જૂદાં જૂદાં રૂપોમાં પૃથ્વી ઉપર પ્રગટ થતો રહીશ." તે પ્રસંગમાં વરાહ, નૃસિંહ, મત્સ્ય વગેરે અવતારોનું વર્ણન ભગવાન વાસુદેવ પોતે કરે છે. આ પુરાણના અનુસારે દાશરથી રામનો અવતાર દશમો થાય છે. જેને માટે વાસુદેવ કહે છે કે આ રામાવતારનું કાર્ય વાલ્મીકિ વગેરે ઋષિઓ વર્ણન અને પ્રચાર કરશે. અગિયારમો કૃષ્ણાવતાર આવે છે, તેમના કાર્યનું વિવરણ વ્યાસજી વગેરે મુનિઓ કરશે. ત્યાર પછી વ્યાસ અને બુદ્ધાવતારનો ઉલ્લેખ કરીને ચૌદમો અવતાર ભગવાન શ્રી સ્વામિનારાયણનો આવે છે. તેનું વર્ણન પણ અઢારમાં અધ્યાયમાં જ ત્રણ શ્લોકોથી ભગવાન વાસુદેવ પોતે જ કરે છે. તે શ્લોકો નીચે પ્રમાણે છે.

मया कृष्णेन निहताः साऽर्जुनेन रणेषु ये ।
प्रवर्तयिष्यन्त्यसुरास्ते त्वधर्मं यदा क्षितौ ॥ ४२ ॥
धर्मदेवात् तदा भक्तावहं नारायणो मुनिः ।
जनिष्ये कोशले देशे भूमौ हि सामगो द्विजः ॥ ४३ ॥
मुनिशापात् नृतां प्राप्तान् ऋषिन्ताँस्तथोद्धवम् ।
ततोऽविताऽसुरेभ्योऽहं सद्धर्मं स्थापयन्नज ॥ ४४ ॥

(સ્કન્દ પુરાણ-વાસુદેવ માહાત્મ્ય-અ-૧૮)

ભગવાન વાસુદેવ બ્રહ્માજીને કહે છે, "કૃષ્ણાવતારમાં અર્જુનની સાથે રહીને યુદ્ધમાં જે અસુરોને મેં માર્યા છે, તે અસુરો જ્યારે પૃથ્વી ઉપર અધર્મ પ્રવર્તાવશે ત્યારે કોશલદેશમાં પૃથ્વી ઉપર ધર્મદેવ અને ભક્તિદેવી થકી સામવેદી બ્રાહ્મણ કુળમાં 'નારાયણમુનિ' નામે હું અવતાર લઈશ અને દુર્વાસાના શ્રાપથી મનુષ્યપણાને પામેલા ઋષિઓનું તથા ઉદ્ધવજીનું તે અસુરોથી રક્ષણ કરીશ અને સદ્ધર્મનું સ્થાપન પણ કરીશ."

તે જ નારાયણમુનિ (ભગવાન શ્રી સ્વામિનારાયણ) દુર્વાસાના શાપને નિમિત્ત બનાવી કોશલ દેશમાં છપૈયા ગામમાં જ્યારે પ્રગટ થયા ત્યારે માતા-પિતાએ તેમનું બાળપણનું નામ **'ઘનશ્યામ'** રાખ્યું. વનવિચરણ પ્રસંગે પોતે **'નીલકંઠવર્ણી'** નામે પ્રસિદ્ધ થયા. ઉદ્ધાવતાર રામાનંદ સ્વામી પાસેથી દીક્ષા લીધી ત્યારે ગુરુએ એમનાં **'સહજાનંદ સ્વામી અને નારાયણમુનિ'** એવા બે નામો રાખ્યા હતા. પછી ભક્તો તેમને **'ભગવાન શ્રી સ્વામિનારાયણ'** નામથી ઓળખવા લાગ્યા. આ પ્રસંગ ઉપરથી સચોટ સિદ્ધ થાય છે કે ભગવાન વાસુદેવ પોતે જ **'સ્વામિનારાયણ'** નામે કોશલ દેશમાં પ્રગટ થયા હતા.



આ ઉપરાંત પણ ઘણી જગ્યાએ મહર્ષિ વેદવ્યાસ ભગવાન શ્રી સ્વામિનારાયણના પ્રાગટ્યની એંધાણી ભાખી ચૂક્યા હતા.

ભગવાન શ્રી સ્વામિનારાયણના પ્રાગટ્ય વિશે અન્ય કેટલાંક પ્રમાણો નીચે પ્રમાણે છે.

पाखंडे बहुले लोके स्वामिनाम्ना हरिः स्वयम् ।

पापपङ्कनिमग्नं तज्जगदुद्धारयिष्यति ॥

॥ पद्मपुराण ॥

"જ્યારે લોકમાં પાખંડ વધી જશે, ત્યારે સ્વયં શ્રીહરિ 'સ્વામિનારાયણ' નામ ધારણ કરીને પાપરૂપ કાદવમાં ખૂંતેલા જગતનો ઉદ્ધાર કરશે."

दत्तात्रेयः कृतयुगे त्रेतायां रघुनंदनः ।

द्वापरे वासुदेवः स्यात् कलौ स्वामी वृषात्मजः ॥

॥ ब्रह्मांडपुराण ॥

"પરમાત્મા સત્યયુગમાં શ્રી દત્તાત્રેય રૂપે, ત્રેતાયુગમાં શ્રી રામચંદ્ર રૂપે, દ્વાપરયુગમાં શ્રીવાસુદેવ રૂપે અને કળિયુગમાં ભગવાન ધર્મપુત્ર શ્રી સ્વામિનારાયણ રૂપે પ્રગટ થશે."

भूम्यां कृतावतारोयं सर्वानेतान् जनानहम् ।

प्रापयिष्यामि वैकुंठं सहजानंद नामतः ॥

વિશ્વકસેન સંહિતા

"હું પૃથ્વી ઉપર સહજાનંદ નામે અવતાર ધારણ કરીશ અને આ સર્વ લોકોને વૈકુંઠ અર્થાત્ માયાના અવરોધોથી મુક્ત અક્ષરધામને પમાડીશ."

महाधर्मान्वये पुण्ये, नाम्ना पापविनाशके ।

हरिप्रसादविप्रस्य, स्वामिनाम्ना हरिः स्वयम् ॥

॥ विष्णुधर्मोत्तरे ॥

"જેનું નામ લેવા માત્રથી પાપનો નાશ થઈ જાય એવા પવિત્ર અને મહાન ધર્મવંશમાં શ્રીહરિપ્રસાદજી વિપ્રના પુત્ર રુપે સ્વયં પરમાત્મા શ્રીહરિ 'શ્રી સ્વામિનારાયણ' નામે પ્રગટ થશે."

આમ શાસ્ત્રોનાં વચનો સત્ય કરવા માટે પ્રભુને આ પૃથ્વી ઉપર અવતાર ધારણ કરવા માટે વિલંબ કરવાની જરૂર ન હતી. કારણ કે તેવો તન્ત્રો બરાબર ગોઠવાઈ ગયો હતો. જંગલમાં દવ લાગે ત્યારે મેઘ જ તેને ઓલાવી શકે. તેજ રીતે એ સમયે ભારતવર્ષ ઉપર ઝળુંબી રહેલા અધર્મરૂપી દવ સત્પુરુષોથી ઓલવાય તેમ ન હતો. એ કાર્ય સ્વયં ભગવાનનું પ્રાગટ્ય જ સિદ્ધ કરી શકે તેમ હતું. આટલી પૂર્વ ભૂમિકા સાથે વચ્ચે અનેક જીવોના કલ્યાણને અર્થે અયોધ્યા પાસેના ગોંડા જિલ્લાના છપૈયા ગામમાં સર્વાવતારી પૂર્ણ પુરુષોત્તમ શ્રી સ્વામિનારાયણ ભગવાન મનુષ્યરૂપે પ્રગટ થયા અને ઉપરોક્ત વ્યાસ મુનિની કલમને સત્ય કરી.

મહત્ત્વની વાત એ છે, કે પરમાત્માનું અવતરણ ભવિષ્યવાણીઓ કે તર્કો ઉપર આધારિત નથી. પરમાત્માનું અવતરણ એમની સ્વતંત્ર ઇચ્છાશક્તિ ઉપર આધારિત છે. ભવિષ્યવાણી ન હોય તો પણ પરમાત્માના અવતરણને રોકી શકાતું નથી.

વાલ્મિકિ રામાયણમાં ક્યાય ભવિષ્યમાં થનાર ભગવાન શ્રીકૃષ્ણના અવતરણનો સંકેત મળતો નથી. રામાયણના પૂર્વકાલિન શાસ્ત્રોમાં ભગવાન શ્રીરામના અવતરણનો સંકેત નથી. એટલા માત્રથી ભગવાન શ્રીરામ કે શ્રીકૃષ્ણના અવતારીપણામાં બાધ આવતો નથી.

આપણા તર્કો પણ પરમાત્માને સિદ્ધ કરવામાં પાંગળા છે. ભગવાન શ્રી વેદવ્યાસજી મહાપ્રતિભાવંત હોવા છતાં, બ્રહ્મસૂત્રમાં કહે છે- **तर्काप्रतिष्ठानादपि ॥** (બ્રહ્મસૂત્ર ૨-૧-૧૧) ભગવાનને સિદ્ધ કરવાનું તર્કોનું ગજુ નથી.

ભગવત્તત્ત્વ મન, બુદ્ધિ અને ઇન્દ્રિયોથી અગોચર છે, એટલે તો શાસ્ત્રો ભગવાનને 'અધોક્ષજ' કહે છે. ઇન્દ્રિયો તેમજ મન-બુદ્ધિજન્ય અનુભૂતિ કે પ્રમાણ જ્યાં પહોંચી ન શકે એને 'અધોક્ષજ' કહેવાય.

ભવિષ્યવાણી કે તર્કો તો આપણા ક્ષુદ્ર મનમાં ઉઠતા સંશયોને શમાવવા માટે છે. વાસ્તવમાં ભગવાનનું ભગવાનપણું તો શ્રુતિ કહે છે એમ - '**स्वमहिम्नि प्रतिष्ठितः ।**' પોતાના મહિમા ઉપર પ્રતિષ્ઠિત છે, આપણા તર્કના તકલાદી ટેકાઓ ઉપર નહીં.

ભગવાન જ્યારે પ્રગટે છે, ત્યારે તે અવતારને અનુરુપ જ લીલાઓ કરે છે. એમાં ક્યારેય એમનું અમોઘ ઐશ્વર્ય વિજળીના ઝબકારાની જેમ પ્રગટે છે. આ ઐશ્વર્યદર્શન એમની ભગવત્તાને સમજવામાં સહાયક બને છે. શ્રીરામ, કૃષ્ણ, નૃસિંહ, વામન, વરાહાદિ અવતારોમાં એ ઐશ્વર્ય છલકાયા સિવાય રહ્યું નથી. ભગવાન શ્રી સ્વામિનારાયણનું અમોઘ ઐશ્વર્ય તો અષાઢી મેઘની જેમ વરસ્યું છે. એ ઐશ્વર્યની આ હેલી એમના સર્વાવતારીપણાને સિદ્ધ કરે છે.

(ભગવાન શ્રી સ્વામિનારાયણ ચરિતગાથા)

રામ બોલો ભાઇ રામ...!

- સાધુ મુનિવત્સલદાસ

દુનિયામાં દરેકની પ્રથમ ઓળખ તેના નામથી છે. પૃથ્વી પર જન્મેલા જીવપ્રાણીમાત્રના નામ તેના ગુણ, પ્રકૃતિ, ઉપયોગીતા, પરંપરા વગેરેને આધારીત હોય છે. નામાભિધાન તો દરેક મનુષ્ય માટે સામાન્ય બાબત છે, પરંતુ તેના કાર્યને આધારે જે તે નામ સાર્થક અને સત્ય ઠરે છે. મોટા ભાગના મનુષ્યના નામ જે તે વ્યક્તિની સાથે જ અગ્નિસંસ્કારમાં સળગી જાય છે અથવા તો પૃથ્વીના પેટાળમાં ધરબાઈ જાય છે. જેનું નામ છે તેનો નાશ નિશ્ચિત છે, છતાં કેટલાંક અલૌકિક તત્ત્વો એવા છે કે જેનો નાશ નથી, એમાંનું એક નામ છે 'રામ.'

રામ શબ્દ સંસ્કૃતના 'रमु' (क्रिडायाम्) ધાતુમાંથી બનેલો છે. 'रमन्ते यत्र योगिनः' - જેમાં યોગીઓ રમમાણ રહે છે તે રામ. જે દરેકનો વિશ્રામ છે તે રામ. જે સર્વ મુમુક્ષુનો વિરામ છે તે રામ. જ્યાં અધ્યાત્મના માર્ગનું પૂર્ણવિરામ છે તે રામ. રામનામ શાશ્વત છે ને અવિનાશી છે, રામ નામ સત્ય છે.

આ બહુરંગી સૃષ્ટિમાં માનવ શરીર પરમાત્માનું એક અનુપમ સર્જન છે. બીજા સજીવોની સાપેક્ષમાં ભગવાને માણસને અનેક અમૂલ્ય શક્તિઓ આપી છે, જે માણસને સૃષ્ટિના બીજા પ્રાણીઓ કરતા શ્રેષ્ઠ સાબિત કરે છે. એમાંની એક શક્તિ છે વાણી.

હિન્દુધર્મમાં ગાય પૂજનીય છે અને મા સમાન છે, એટલું જ નહિ પણ એમ કહેવાય છે કે ગાયના શરીરમાં તેત્રીસ કરોડ દેવતાઓનો વાસ છે, છતાં પણ એ રામનામ બોલી શકતી નથી. હાથી ગણપતિનું સ્વરૂપ ગણાય છે, છતાં એ હરિનામ સંકીર્તન કરી શકતો નથી. એક માનવ એવો છે, જેને ભગવાને વાચા આપી છે જેથી તે રામનામ લઈ શકે છે.

દુઃખમાં હરિસ્મરણ ન કરવું હોય તો પણ સહેજે થાય, પણ ભૌતિક સુખ માણસને પ્રભુથી વિમુખ કરે છે. પોતે દુઃખી હોય અને હરિને યાદ કરે એ પણ કંઈક અંશે સ્વાર્થપૂર્ણ સ્મરણ છે, પણ બીજાના દુઃખે દુઃખી થાય અને તેનું દુઃખ દૂર કરવા પ્રભુપ્રાર્થના કરે તે પરોપકારપૂર્ણ પ્રભુસ્મરણ છે. ભગવાન શ્રી સ્વામિનારાયણ એમની સ્વાભાવિક માનુષિક ચેષ્ટાઓથી ભક્ત સમુદાયને આ વાતની પ્રેરણા આપે છે.

ભગવાન શ્રી સ્વામિનારાયણ કોઈને દુઃખિયો જોઈ શકતા નહિ. કોઈ જીવપ્રાણીને દુઃખિયો દેખીને અથવા સાંભળીને તત્કાળ દયાએ યુક્ત થકા 'રામ રામ રામ' એવી રીત્યે બોલવાનો એમનો સ્વભાવ હતો અને એનું દુઃખ ટાળવા માટે એમની પાસે જે હોય તે અન્નવસ્ત્રાદિક તત્કાળ આપીને તેનું દુઃખ દૂર કરતા.

મારી પાસે સમય નથી, એવો સસ્તો જવાબ આપીને લોકો હરિસ્મરણ કરતા નથી. આજે આધુનિક યુગમાં લોકો ન્યૂઝ-પેપરની વધારાની વાહીયાત વાતો, ટી.વી. ચેનલોની નેગેટીવ કે અસભ્ય સીરીયલો કે ફિલ્મો પાછળ કલાકોના કલાકો ફાળવે છે અને હરિભજન તો અંતકાળે કરવાની પ્રવૃત્તિ માને છે. કોઈ માણસનો અંતકાળ નિશ્ચિત નથી. દરેકના ભાગ્યમાં ગઢપણ લખાયું નથી હોતું અને લખાયું હોય તોપણ બધા જ વૃદ્ધો હરિસ્મરણ નથી કરતા. ગઢપણમાં ગોવિંદ ભજવાની વાત હરિસ્મરણમાંથી છટકવાનો જ એક રસ્તો છે.

જીવતે જીવ રામનું નામ ન લીધું તે અંતકાળે કેમ લેશે. સદ્‌ગુરુ ગુણાતીતાનંદ સ્વામી કહે છે કે, 'જીવની અવળાઈનો કોઈ પાર નથી' એ વાત સાચી છે.

ભક્તકવિ લાલ સાહેબ પણ કહે છે,

સુકૃત કર લે, રામ સુમર લે, કો જાને કલ કી.
જગતમેં ખબર નહીં પલ કી.

હરિસ્મરણ એ માત્ર નિવૃત્તિપરાયણ લોકોનું જ કામ નથી. આત્મકલ્યાણને ઇચ્છતા દરેક માટે હરિસ્મરણ આવશ્યક છે. પ્રવૃત્તિમાં પણ પ્રભુને યાદ કરે એ ખરો ભક્ત છે. લોકવ્યવહાર વણજારાના ઊંટિયા જેવો છે એ ક્યારેય પૂરો નહીં થાય.

એક વણજારાએ ૧૦૦ ઊંટ રાખ્યા હતા. ગામડે-ગામડે અને નેસડે-નેસડે આ ઊંટની વણજાર ચાલી જાય. કોઈ નિશ્ચિત ઠેકાણા હોય નહીં. એમાં પણ રાત્રે જોયા જેવો ખેલ થાય. એ ૧૦૦ ઊંટ બેસે પછી વણજારાને નિરાંત થાય અને સૂવાનો સમય મળે. રાત પડે ને વણજારો ઊંટોને બેસાડવાનું ચાલુ કરે. મધ્યરાત્રિ થાય ત્યાં સુધીમાં માંડ માંડ ૯૯ ઊંટ બેસે અને એક તો પાછુ ઊભુ જ. તેને પરાણે બેસાડે ત્યાં તેનો બેસવાનો અવાજ સાંભળીને ૯૯ ઊભા થઈ જાય. આ તો એક સાંધે ને તેર તૂટે એના જેવી વાત થઈ ! હરિસ્મરણ માટે સાંસારીક કાર્ય ૧૦૦ ટકા પૂર્ણ થવાની રાહ જોવી તે આ વણજારા જેવી મૂર્ખતા ભરેલી વાત છે, માટે કોઈ ફકીરે ખૂબ સરસ વાત કરી છે,

આગે ધંધા પીછે ધંધા,
ધંધા મધ્યે ધૂન લગાવે વો સાહેબ કા બંદા.

સદ્‌ગુરુ મુક્તાનંદ સ્વામી પણ કીર્તનમાં લખે છે,

કરી લે કામ રટ રામ ઉતાવળો,
ગુરુ તણી મોજ ગોવિંદ મળશે।
મુક્તાનંદ એ વચનમાં મર્મ છે,
મર્મ જાણ્યે મદ-મોહ ટળશે॥

ગાંધીજીને એમના એક અંતેવાસીએ પત્ર લખેલો, "પૂજ્ય બાપુ ! આજે મને સ્વપ્ન આવ્યુ કે, તમે થોડા દિવસના મહેમાન છો, માટે મારી વિનંતી કે અંતિમ ક્ષણો સુધારવા પ્રભુચિંતન કરજો."

આ પત્રના જવાબમાં ગાંધીજી લખે છે, "તમારી લાગણીની હું કદર કરું છું અને આભાર વ્યક્ત કરું છું, પણ પ્રભુચિંતન એ અંતિમક્ષણો સુધારવાની બાબત નથી એ તો જીવનનો નિત્યક્રમ છે. પ્રત્યેક પ્રવૃત્તિ પ્રભુચિંતન સાથે જ થવી જોઈએ અને જો અંતિમક્ષણ પણ આજે આવવાની હોય તો પણ હું તૈયાર છું, મને મોતનો ડર લાગતો નથી."

રામનામ આ કળિયુગમાં સંસાર સાગર તરવા માટે નાવ સમાન છે. તુલસીદાસજી મહારાજ રામાયણમાં લખે છે,

કલિયુગ કેવલ નામ આધારા,
સુમરી સુમરી ઉતરહું ભવપારા.

હરિસ્મરણ સાથે આપણા જીવનનો ધન્ય બનાવીએ...

અન્યથા મૃત્યુ પછી તો બીજાને બોલવું જ પડશે, રામ બોલો ભાઈ રામ... ✚

ગુરુકુલ દર્શન માસિક અંગેની વિગતો

ન્યુઝ પેપર રજીસ્ટ્રેશન રુલ ૧૯૫૬ અન્વયે જાહેરનામું

પ્રકાશન સ્થળઃ- શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ, ડ્રાઇવ ઈન રોડ, મેમનગર, અમદાવાદ - ૩૮૦૦૫૨

પ્રકાશન સમયઃ- દર માસની ૨૫ તારીખે

પ્રકાશકનું નામઃ- પુરાણી શ્રી બાલકૃષ્ણદાસજી સ્વામી

રાષ્ટ્રીયતાઃ- ભારતીય

સરનામુઃ- શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ, ડ્રાઇવ ઈન રોડ, મેમનગર, અમદાવાદ - ૩૮૦૦૫૨

તંત્રીનું નામઃ- પાર્ષદ શામજી ભગત

માસિકના માલિકઃ- પુરાણી શ્રી બાલકૃષ્ણદાસજી સ્વામી

હું પુરાણી બાલકૃષ્ણદાસજી સ્વામી આથી જાહેર કરું છું કે ઉપરની માહિતી મારી જાણ અને માન્યતા પ્રમાણે સાચી છે.

સહી- પુરાણી બાલકૃષ્ણદાસ.

દિવ્ય [illegible] ગુરુકુલ

તારીખ ૨૧ ફેબ્રુઆરી, રવિવારના રોજ પરમ પૂજ્ય ગુરુવર્ય શાસ્ત્રી શ્રી માધવપ્રિયદાસજી સ્વામી તથા સદ્‌ગુરુ સંતોના સાનિધ્યમાં શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ દ્રોણેશ્વર ખાતે દિવ્ય શાકોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે પૂજ્ય સ્વામીજી, પૂજ્ય પુરાણી સ્વામી, પૂજ્ય બાલકૃષ્ણદાસજી સ્વામી, પૂજ્ય શ્રીહરિદાસજી સ્વામી વગેરે સંતોએ કથાવાર્તાનો લાભ આપ્યો હતો. આ ઉત્સવમાં ઉના તથા અમરેલી પંથકના ત્રણ હજાર જેટલા ભક્તજનોએ ઉપસ્થિત રહી કથાવાર્તાનો લાભ લીધો હતો. આ પ્રસંગે દ્રોણેશ્વર ગુરુકુલના મંહત ભંડારી શ્રી હરિકૃષ્ણદાસજી સ્વામી તથા કોઠારી શ્રી નરનારાયણદાસજી સ્વામીના માર્ગદર્શન પ્રમાણે ભક્તજનોએ રસોડાની સેવા કરી ઉપસ્થિત ભક્તજનોને ભોજન-પ્રસાદ જમાડ્યો હતો.

ગુરુદેવ [illegible] પુણ્યતિથિ

સદ્‌વિદ્યા સદ્ધર્મ રક્ષક પરમ પૂજ્ય ગુરુદેવ શાસ્ત્રીજી મહારાજ શ્રી ધર્મજીવનદાસજી સ્વામીની ૨૮મી પુણ્યતિથિ ભજન-ભક્તિના વિવિધ આયોજનો સાથે ઉજવવામાં આવી હતી. ભગવાન સ્વામિનારાયણ તથા ગુરુદેવને પ્રસન્ન કરવા પંદર દિવસ અગાઉથી જ સંતો, વિદ્યાર્થીઓ તથા હરિભક્તોએ દંડવત, પ્રદક્ષિણા, માળા, શાસ્ત્રપાઠ, અખંડ ધૂન જેવા વિવિધ આયોજનો દ્વારા ભજનની સરવાણી વહાવી. તારીખ ૨૪ ફેબ્રુઆરીના રોજ પુણ્યતિથિ નિમિત્તે બાર કલાકની અખંડ ધૂન કરવામાં આવી. ધૂનની પૂર્ણાહુતિ બાદ ગુણાનુવાદ સભા યોજાઈ. સભાના પ્રારંભે ગુરુદેવની પૂણ્યતિથી નિમિત્તે થયેલ ભજન ભગવાન શ્રીહરિના ચરણોમાં અર્પણ કરવામાં આવ્યું. ત્યાર બાદ દરેક સંતો તથા હરિભક્તોએ ગુરુદેવનું પૂજન કરી પુષ્પાંજલી અર્પણ કરી. આ પ્રસંગે પૂજ્ય સ્વામીજી, પરમ પૂજ્ય સદ્‌ગુરુ પુરાણી શ્રી બાલકૃષ્ણદાસજી સ્વામી તથા પરમ પૂજ્ય સદ્‌ગુરુ પુરાણી શ્રી ભક્તિપ્રકાશદાસજી સ્વામીએ સહુ ભક્તજનોને ગુરુદેવના સંસ્મરણો તાજા કરી પ્રેરણાદાયી વાતો કરી. સભાના અંતે પ્રસાદ લઈ સહુ છૂટા પડ્યા. આ પ્રસંગે રક્તદાન કેમ્પનું પણ આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં ૫૧ ઉપરાંત સંતો-ભક્તોએ રક્તદાન કર્યું હતું.

શિવરાત્રિ મહોત્સવ

ભગવાન શ્રી સ્વામિનારાયણે શિક્ષાપત્રીમાં પોતાના આશ્રિતોને શિવરાત્રિ, જન્માષ્ટમી જેવા ઉત્સવો ખૂબ જ ધામધૂમથી ઉજવવાની આજ્ઞા કરી છે. એ આજ્ઞા પ્રમાણે મહાશિવરાત્રિના પવિત્ર દિને ગુરુકુલ-અમદાવાદ ખાતે બિરાજમાન ભગવાન શ્રી નીલકંઠ મહાદેવને વિશેષ શણગાર સજવામાં આવ્યા હતા. આજના દિને હજારો ભક્તજનોએ મહાદેવજીના પૂજનનો અલભ્ય લાભ લીધો હતો. સાંજના સમયે સદ્‌ગુરુ સંતોના સાનિધ્યમાં શ્રી નીલકંઠ મહાદેવજીનું રાજોપચાર પૂજન ખૂબ જ ભક્તિભાવ સાથે થયું. પૂજન બાદ યોજાયેલી સભામાં ગુરુકુલ સંગીતવૃંદ દ્વારા શિવ મહિમાના કીર્તનોનું ગાન થયું હતું.

પ્રથમ પાટોત્સવ [illegible] ગુરુકુલ

લીલા નાઘેર પ્રદેશને ભગવાન શ્રી સ્વામિનારાયણ તથા નંદ સંતોના વિચરણે સત્સંગથી પણ લીલો કર્યો છે. ગુરુદેવ શાસ્ત્રીજી મહારાજ તથા સદ્‌ગુરુ સંતોના વિચરણે આ પ્રદેશના સત્સંગમાં નવા પ્રાણ પૂર્યા છે. એ જ પરંપરાને આગળ ધપાવતા આજે ગુરુકુલ દ્વારા હજારો જીવોનું સત્સંગ પોષણ થઈ રહ્યું છે. તારીખ ૧૩, માર્ચના રોજ દ્રોણેશ્વર ગુરુકુલમાં ભગવાન શ્રીહરિ તથા કષ્ટભંજનદેવની પ્રતિષ્ઠા થયાને એક વર્ષ પૂર્ણ થતા પ્રથમ પાટોત્સવ ખૂબ જ ધામધૂમથી ઉજવાયો.

આજરોજ સવારે સમૂહ મહાપૂજાનું આયોજન કરેલું, જેમાં આસપાસના વિસ્તારના પાંચસો જેટલા ભક્તજનોએ ઉપસ્થિત રહી મહાપૂજાનો લાભ લીધો હતો.

મહાપૂજા પૂર્ણ થયા બાદ શ્રી કષ્ટભંજનદેવની આરતી કરી ધરાવેલ અન્નકૂટ દર્શન ખુલ્લા મૂકાયા હતા. એજ રીતે સત્સંગસભાના પ્રારંભે સંત નિવાસમાં બિરાજમાન ભગવાન શ્રીહરિની અન્નકૂટની આરતી કરવામાં આવી હતી. પરમ પૂજ્ય સદ્‌ગુરુ પુરાણી શ્રી બાલકૃષ્ણદાસજી સ્વામી, પરમ પૂજ્ય સદ્‌ગુરુ પુરાણી શ્રી શ્રીહરિદાસજી સ્વામી તથા પરમ પૂજ્ય ભંડારી સ્વામી શ્રી હરિકૃષ્ણદાસજી સ્વામીએ સભામાં મોટી સંખ્યામાં ઉપસ્થિત ભક્તજનોને કથાવાર્તાનો લાભ આપ્યો હતો. સભાના અંતે સહુ ભક્તો પ્રસાદ ગ્રહણ કરી છૂટી પડ્યા હતા.

ધર્મજીવન જ્ઞાનયજ્ઞ, લોનાવાલા

શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ પરિવાર મુબંઈ દ્વારા લોનાવાલા ખાતે તારીખ ૧૮ થી ૨૦ માર્ચ દરમિયાન ત્રીદિવસીય 'ધર્મજીવન જ્ઞાનયજ્ઞ'નું આયોજન કરવામાં આવ્યું હતું. પરમ પૂજ્ય સ્વામીજી, પૂજ્ય પુરાણી સ્વામી તથા સદ્‌ગુરુ સંતોના સાનિધ્યમાં યોજાયેલ આ જ્ઞાનયજ્ઞમાં મુંબઈ, પુના, સુરત, અમદાવાદ, રાજકોટ વગેરે કેન્દ્રોમાંથી ગુરુકુલ પરિવારના વડીલ ભક્તજનો ઉપસ્થિત રહ્યા હતા. આ ત્રીદિવસીય ધર્મજીવન જ્ઞાનયજ્ઞનું સમગ્ર આયોજન પરમ પૂજ્ય ગુરુદેવ શાસ્ત્રીજી મહારાજ, પરમ પૂજ્ય જોગીસ્વામી, પરમ પૂજ્ય નારાયણ મામા વગેરેના પરમ કૃપાપાત્ર અને ગુરુકુલના ટ્રસ્ટી શ્રી નવિનભાઈ દવે તથા એમના સુપુત્ર ગોપાલભાઈના શુભ સંકલ્પ તેમજ યજમાન પદે થયું હતું.

આ ધર્મજીવન જ્ઞાનયજ્ઞનું આયોજન ગુરુદેવ શાસ્ત્રીજી મહારાજની પવિત્ર સ્મૃતિમાં રાખવામાં આવેલ. એ ત્રણેય દિવસ દરમિયાન સદ્‌ગુરુ સંતો, નાના સંતો-પાર્ષદો તથા પરિવારના વડીલ ભક્તજનોના મુખે ગુરુદેવના અનેક પ્રસંગોના શ્રવણનો લાભ પ્રાપ્ત થયો હતો. પૂજ્ય સ્વામીજીએ ગુરુદેવની ધર્મનિષ્ઠા, સત્સંગનિષ્ઠા, ભગવદ્‌નિષ્ઠા જેવા અનેક ગુણોને યાદ કરાવતા રોચક પ્રસંગોનું વર્ણન કર્યું હતું. પૂજ્ય પુરાણી સ્વામીએ ગુરુદેવે કરેલા યજ્ઞકાર્યોનું વર્ણન કર્યું હતું. ગુરુદેવનો જેમણે ખૂબ રાજીપો પ્રાપ્ત કર્યો છે એવા પૂજ્ય બાલકૃષ્ણદાસજી સ્વામીએ ગુરુદેવ સાથેના પોતાના સંસ્મરણો તાજા કર્યા હતા. આ ઉપરાંત પૂજ્ય શ્રીહરિસ્વામી, પાર્ષદ કનુભગત, પાર્ષદ શામજીભગત વગેરે પાર્ષદો તથા નવિનભાઈ વગેરે ભક્તજનોએ ગુરુદેવને યાદ કરી પોતાના જીવનના અનેક પ્રસંગોનું વર્ણન કરી ભાવવિભોર થયા હતા.

જ્ઞાનયજ્ઞની પૂર્ણાહુતિ પ્રસંગે સભામાં ઉપસ્થિત ગુરુકુલ પરિવારના વડીલ ભક્તોએ હૃદયોદ્‌ગાર કહ્યા હતા. પરમ પૂજ્ય ગુરુવર્ય શાસ્ત્રી શ્રી માધવપ્રિયદાસજી સ્વામી તથા સદ્‌ગુરુ સંતો દ્વારા આ સમગ્ર આયોજનના દૃષ્ટા, ગુરુકુલના સન્નિષ્ઠ સેવક શ્રી નવિનભાઈ દવે, સુપુત્ર ગોપાલભાઈ તથા પ્રપોત્ર વરૂણનું હાર પહેરાવી, શાલ ઓઢાડી સન્માન કરવામાં આવ્યું હતું. સમાપન બાદ સહુ સંતો-ભક્તો ધન્યતાનો અનુભવ કરતા થકા ભીની આંખે છૂટા પડ્યા હતા. આ સમગ્ર આયોજનમાં સંતો-ભક્તોના ઉતારા તથા રસોડાની તમામ વ્યવસ્થા ગુરુકુલના સન્નિષ્ઠ સેવકો શ્રી ડી.કે. શાહ તથા ભૂપેન્દ્રભાઈ મહેતાએ કરી હતી.

કળીયુગનું ઉત્તમ ઔષધ ગાયનું ઘી

गव्यघृतम् मेधा लावण्य कान्ति ओज तेज वृद्धि करं परम् ॥

અગ્નિવર્ધક - ગાયના ઘીનો મહત્ત્વનો ગુણ છે શરીરની ઉષ્માને - ગરમીને શાંત કરવાનો. આમ છતાં તે અગ્નિવર્ધક છે એટલે કે આપણા જઠરાગ્નિ સહિત શરીરની ધાતુઓના અગ્નિને પણ વધારે છે. જેનાથી ચયાપચય (મેટોબોલિઝમ)ની પ્રક્રિયા ગતિશીલ બને છે. **ચક્ષુષ્યમ્** - ગાયના ઘીનો એક ગુણ ચક્ષુષ્ય છે, એટલે કે આંખને હિતકારી છે. તેનાથી આંખની ઝાંખપ દૂર થાય છે. ગાયનું ઘી ખાવાથી અને રાત્રે સુતી વખતે પગનાં તળિયે ગાયનું ઘી ઘસવાથી ચશ્માના નંબર વધતા નથી અને જેને નંબર ન હોય તેને આવતા નથી. **ઓજવર્ધક** - ડર કે કારણ વગરનો ડર (ફોબિયા) ઓજક્ષયનું લક્ષણ છે. ઓજનું સ્થાન હૃદય છે. ગાયનું ઘી ઓજ વધારે છે. એ ઉપરાંત મેધા એટલે ગ્રહણશક્તિ (ગ્રાસ્પીંગ પાવર) લાવણ્ય, કાંતિ, તેજને વધારે છે.

રક્ષોઘ્નમ્ : રક્ષ એટલે રાક્ષસ. રાક્ષસ એટલે વિષાણુઓ (વાયરસ)ને ખતમ કરે છે. ગાયનું ઘી ખાવાથી કે તેના ધૂપ-દીપ કરવાથી વિષાણુઓ દૂર થાય છે. સ્વાઈન ફલ્યુ, ચિકનગુનિયા, ઓરી-અછબડા જેવા સંક્રામક દર્દોને અટકાવી શકાય છે.

(**SGVP** અમૃતારોગ્યમ્ દ્વારા સંતોની દેખરેખ નીચે દેશી ગાયનું ઘી તૈયાર થાય છે.

શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ વિદ્યાલય, મેમનગર-અમદાવાદ પ્રવેશ માહિતી

ધો- ૯

★ પ્રવેશ ફોર્મ તા. ૨૦/૦૪/૧૬ થી ૨૮/૦૪/૧૬ દરમિયાન મેમનગર ગુરુકુલના મુખ્ય કાર્યાલયમાંથી પ્રાપ્ત થશે. (સમય : સવારે ૯ થી ૧૧ અને સાંજે ૪ થી ૬) ★ પ્રવેશ પરીક્ષા તા.૨૮/૦૪/૧૫, ગુરુવારના રોજ સવારે ૯ કલાકે લેવાશે. ★ ધોરણ ૮ ના અભ્યાસક્રમ આધારે ગણિત (૪૦ ગુણ), વિજ્ઞાન (૩૦ ગુણ) અને અંગ્રેજી (૩૦ ગુણ) કુલ ૧૦૦ માર્ક્સનું પેપર લેવામાં આવશે. ★ પ્રવેશ પરીક્ષાના પરિણામના આધારે પ્રવેશ માન્ય કરવામાં આવશે.

ધો- ૧૧ કોમર્સ / સાયન્સ

★ ધોરણ ૧૦માં ૬૦% થી વધારે હોય તે વિદ્યાર્થીને કોમર્સમાં અને ૭૫%થી વધારે હોય તેને સાયન્સમાં પ્રવેશ મળશે.

★ પ્રવેશ કાર્યવાહી ધોરણ ૧૦ ના ઓનલાઈન પરિણામ આવ્યાના બીજા જ દિવસથી માત્ર બે જ દિવસ ચાલશે, જેમાં પ્રવેશ વહેલા તે પહેલાના ધોરણે માન્ય કરવામાં આવશે.

નોંધ :- ધોરણ ૧૦, ૧૨ તથા કોલેજના નવા વિદ્યાર્થીઓ માટે વ્યવસ્થા ન હોવાથી મહેરબાની કરીને શરમાવશો નહીં.

★ અમદાવાદના સ્થાનિક વિદ્યાર્થીઓને છાત્રાલયમાં પ્રવેશ મળશે નહીં, માત્ર સ્કુલમાં જ પ્રવેશ મળશે.

★ પ્રવેશ કાર્યવાહીની અન્ય જાણકારી માટે વ્યવસ્થાપકશ્રી તેમજ પ્રિન્સીપાલશ્રી સુર્યકાંતભાઈ પટેલનો સંપર્ક કરવો. મો. ૯૯૦૯૦૪૪૮૮૧, શ્રી વિજયભાઈ જાગાણી - ૯૬૨૪૯૨૦૮૪૫ (સમય : સવારે ૧૦ થી ૧૨)

શ્રદ્ધા સુમન

પ.ભ. શ્રી નિરંજનભાઇ મોહનલાલ વ્યાસ :- ગુરુકુલના સન્નિષ્ઠ સેવક અને પરમ પૂજ્ય ગુરુવર્ય શાસ્ત્રી શ્રી માધવપ્રિયદાસજી સ્વામી સાથે પરમ સ્નેહ ધરાવતા અમેરિકા નિવાસી નિરંજનભાઈ વ્યાસ ૨૨ ફેબ્રુઆરીના રોજ ૭૮ વર્ષની ઉંમરે અક્ષરવાસી થયા છે. પરમ ભગવદીય, શિક્ષણવિદ અને શિક્ષણપ્રેમી એવા નિરંજનભાઈના અક્ષરવાસથી ગુરુકુલ પરિવારને ક્યારેય ન પૂરાય તેવી મોટી ખોટ પડી છે. નિરંજનભાઈના અથાક પ્રયત્ન અને આગવી સુજના કારણે SGVP ઈન્ટરનેશનલ સ્કુલનું અમેરિકાની એકન યુનિવર્સીટી સાથે જોડાણ થયું હતું. અમરેલી પાસેના નાનકડા અનીડા ગામમાં ગરીબ બ્રાહ્મણને ઘરે જન્મેલા નિરંજનભાઈની જીવનયાત્રા એકન યુનિવર્સીટીમાં બીઝનેસ વિભાગના હેડ સુધી વિસ્તરી હતી. એમણે અનેક દેશોમાં વિચરણ કરી લાખો વિદ્યાર્થીઓને માર્ગદર્શન પૂરું પાડ્યું છે. એમના દ્વારા લખાયેલ અને SGVP દ્વારા પ્રકાશિત 'અધ્યાત્મ દ્વારા એકતા અને સમરસતા' પુસ્તક બુદ્ધિજીવી વર્ગમાં ખૂબ જ પ્રસિદ્ધિ પામેલું છે. એમના માર્ગદર્શન અને સમર્પણના કારણે આજે SGVP સંસ્થા અનેકવિધ સફળતાઓ સર કરી રહી છે. નિરંજનભાઈનું સમર્પણ ગુરુકુલના ઈતિહાસમાં સદાયને માટે સુવર્ણ અક્ષરે લખાયેલું રહેશે. ભગવાન શ્રી સ્વામિનારાયણ એમના પવિત્ર આત્માને પોતાની મૂર્તિનું સુખ આપે તથા તેમના પરિવારજનોને ધીરજ અર્પે એ જ પ્રાર્થના.

પ.ભ. શ્રી શાંતિભાઇ (બચુભાઇ) ગંગારામભાઇ ઠક્કર :- ગુરુકલ સાથે વર્ષોથી જોડાયેલા અને ગુરુદેવ શાસ્ત્રીજી મહારાજના કૃપાપાત્ર પરિવારના, ગામ જુલાપુર, હાલ સાણંદ નિવાસી પ.ભ. શ્રી શાંતિભાઈ ઠક્કર ૭૫ વર્ષની ઉંમરે અક્ષરવાસી થયા છે. ભગવાન શ્રીહરિ શાંતિભાઈના આત્માને પોતાનું સુખ આપે તથા ભાવિકભાઈ, ઉમંગભાઈ વગેરે પરિવારજનોને ધીરજ અર્પે તેવી પ્રાર્થના.

પ.ભ. શ્રી હિંમતભાઇ દેવશીભાઇ દોંગા :- ગામ દેરડી (કુંભાજી) નિવાસી પ. ભ. શ્રી હિંમતભાઈ દોંગા ભગવાન શ્રીહરિનું ભજન કરતા થકા ૬૯ વર્ષની ઉંમરે અક્ષરવાસી થયા છે. આ સમસ્ત પરિવાર ગુરુદેવ શાસ્ત્રીજી મહારાજ, પૂજ્ય જોગી સ્વામી તથા સદ્‌ગુરુ સંતોનો કૃપાપાત્ર રહ્યો છે. મધુભાઈ વર્ષોથી ગુરુકુલના ટ્રસ્ટિ તરીકે રહી નિષ્ઠાથી સેવા કરી રહ્યા છે. સંતોમાં હેતવાળા હિંમતભાઈના આત્માને મહારાજ પોતાની મૂર્તિનું સુખ આપે તથા મધુભાઈ, અરૂણભાઈ, મહેન્દ્રભાઈ, દિનેશભાઈ વગેરે પરિવારજનોને ધીરજ અર્પે તેવી પ્રાર્થના.

પ.ભ. શ્રી રામજીભાઇ વાઘજીભાઇ ભૂડિયા :- ફોટડી નિવાસી ગુરુકુલના સન્નિષ્ઠ સેવક આર.ડી. વરસાણીના સસરા પ. ભ. શ્રી રામજીભાઈ ભૂડિયા ભગવાન શ્રીહરિનું ભજન-સ્મરણ કરતા ૧૦૦ વર્ષની ઉંમરે અક્ષરવાસી થયા છે. સંતોમાં હેતવાળા રામજીભાઈના આત્માને મહારાજ પોતાની મૂર્તિનું સુખ આપે તથા પરિવારજનોને ધીરજ અર્પે તેવી પ્રાર્થના.

પ.ભ. શ્રી અંબાલાલ મગનલાલ પટેલ :- હાલ અમદાવાદ નિવાસી અને શ્રીહરિના પરમ ભક્ત શ્રી અંબાલાલભાઈ પટેલ ભજન-સ્મરણ કરતા થકા અક્ષરવાસી થયા છે. વર્ષોથી અમદાવાદ ગુરુકુલ સાથે જોડાયેલા અંબાલાલભાઈ સંતોમાં ખૂબ હેત ધરાવતા હતા. ભગવાન શ્રીહરિ એમના આત્માને પોતાનું સુખ આપે તથા કૌશિકભાઈ, પરેશભાઈ વગેરે પરિવારજનોને ધીરજ અર્પે તેવી પ્રાર્થના.

પ.ભ. શ્રી ભીખાભાઇ હરિભાઇ શેલડિયા :- ગામ મોટા સમઢિયાળા નિવાસી શ્રી ભીખાભાઈ શેલડિયા ૮૧ વર્ષની ઉંમરે અક્ષરવાસી થયા છે. આ પૂરોએ શેલડિયા પરિવાર ગુરુદેવ શાસ્ત્રીજી મહારાજ તથા મોટા સંતોનો ખૂબ કૃપાપાત્ર રહ્યો છે. શ્રી ભીખાભાઈના પવિત્ર આત્માને મહારાજ પોતાનું સુખ આપે તથા બાબુભાઇ, નવનીતભાઇ, મનસુખભાઇ, હરજીભાઇ વગેરે પરિવારજનોને ધીરજ અર્પે તેવી પ્રાર્થના.

પ.ભ. શ્રી પ્રભુદાસ પોપટલાલ સોની:- અમદાવાદ નિવાસી અને ગુરુકુલ સાથે વર્ષોથી જોડાયેલા પ્રભુદાસભાઈ સોની અક્ષરવાસી થયા છે. ભગવાન શ્રીહરિ પ્રભુદાસભાઈના પવિત્ર આત્માને પોતાનું સુખ આપે તથા યોગેશભાઈ, ગિરિશભાઈ વગેરે પરિવારજનોને ધીરજ અર્પે તેવી પ્રાર્થના.

પ.ભ. શ્રી કમલાબેન પરશોત્તમભાઇ ત્રાપસિયા :- ગામ જામવાળા નિવાસી શ્રી કમલાબેન ૫૮ વર્ષની ઉંમરે શ્રીહરિનું ભજન કરતા થકા અક્ષરવાસી થયા છે. આ પૂરોએ પરિવાર ગુરુકુલ સાથે વર્ષોથી જોડાયેલો છે. ભગવાન શ્રીહરિ કમલાબેનના આત્માને પોતાનું સુખ આપે તથા પરશોત્તમભાઈ તેમજ સુપુત્રો રોહિત, નરેશ, સંજય વગેરે પરિવારજનોને ધીરજ અર્પે તેવી પ્રાર્થના.

પ.ભ. શ્રી નાનબાઇ જાદવા કેરાઇ :- શ્રી નાનબાઈ કેરાઈ શ્રીહરિનું ભજન કરતા થકા અક્ષરવાસી થયા છે. આ પૂરોએ પરિવાર ગુરુકુલ સાથે વર્ષોથી જોડાયેલો છે. ભગવાન શ્રીહરિ નાનબાઈના આત્માને પોતાનું સુખ આપે તથા જાદવાભાઈ, રાજેશ, દેવચંદ, રજનીકાંત વગેરે પરિવારજનોને ધીરજ અર્પે તેવી પ્રાર્થના.

ગુરુકુલમાં રસોઇ

અમદાવાદ ગુરુકુલ

પ.ભ. શ્રી ઉર્વીબેન રાજેશકુમાર ઠક્કર, અમદાવાદ
પ.ભ. શ્રી અર્પીત બાબુભાઈ ગોરસિયા, ગાંધીનગર
પ.ભ. શ્રી વેદ અલ્પેશભાઈ લાખાણી, અમદાવાદ
પ.ભ. શ્રી ડૉ. ચિરાગ ભૂપેન્દ્રભાઈ પટેલ, ગાંધીનગર
પ.ભ. શ્રી અશ્વીનભાઈ મગનભાઈ જાગાણી, અમદાવાદ
પ.ભ. શ્રી દિવ્ય પ્રકાશભાઈ પટેલ, વડોદરા

છારોડી ગુરુકુલ

પ.ભ. શ્રી રમણભાઈ પરબતભાઈ વરસાણી, માધાપર
અ.નિ. લાલજીભાઈ સવજીભાઈ મોટકા
હસ્તે અમૃતાબેન વી. મોટકા, અમદાવાદ
પ.ભ. શ્રી મહેન્દ્રભાઈ ભીખુભાઈ ધંધુકીયા, દુબઈ
પ.ભ. શ્રી મુકુંદ નાગરભાઈ પટેલ, અમદાવાદ
પ.ભ. શ્રી શામજીભાઈ નારણભાઈ કાળા, માંડવી

આગામી આયોજન

તા. ૩/૪/૧૬, રવિવાર : **સુહૃદ સભા:** શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ છારોડી, સાંજે ૫:૩૦ કલાકે.
તા. ૪/૪/૧૬, સોમવાર : **પાપમોચની એકાદશી :** કીર્તનભક્તિ, સાંજે ૮ : ૩૦ કલાકે, અમદાવાદ ગુરુકુલ
તા. ૧૪થી૧૬/૪/૧૬ : **શ્યામસુંદર મુર્તિ પ્રતિષ્ઠા મહોત્સવ :** ગામ વિરપુર (ગઢિયા) તાલુકો-ધારી, જી. અમરેલી.
શ્રીમદ્ ભાગવત દશમ સ્કંધ પારાયણ, વક્તા :- પરમ પૂજ્ય ગુરુવર્ય શાસ્ત્રી શ્રી માધવપ્રિયદાસજી સ્વામી
તા. ૧૫/૪/૧૬, શુક્રવાર : **રામનવમી :** શ્રી નિલકંઠવર્ણી પયોભિષેક તથા રાજોપચાર પૂજન, સવારે ૬:૩૦ કલાકે, ભગવાન શ્રી રામ પ્રાગટ્યોત્સવ બપોરે ૧૧:૩૦ કલાકે તથા ભગવાન શ્રીહરિ પ્રાગટ્યોત્સવ સાંજે ૮:૩૦ કલાકે, અમદાવાદ ગુરુકુલ
તા. ૧૭/૪/૧૬, રવિવાર :**કામદા એકાદશી :** કીર્તનભક્તિ, સાંજે ૮ : ૩૦ કલાકે, અમદાવાદ ગુરુકુલ
તા. ૨૨/૪/૧૬, શુક્રવાર : **હનુમાન જયંતી :** શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ દ્રોણેશ્વર, ઉદ્‌ઘાટન સમારોહ,
તેમજ મારૂતિ યજ્ઞ તથા હનુમાનજી પૂજન, દ્રોણેશ્વર ગુરુકુલ
તા. ૨૩થી૨૫/૪/૧૬ : **મુર્તિ પ્રતિષ્ઠા મહોત્સવ :** ગામ સીમર, તાલુકો-ઉના, જી. ગીર સોમનાથ.

નોંધ :- શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ વિશ્વવિદ્યા પ્રતિષ્ઠાનમ્ (SGVP) અમદાવાદમાં સેવા કરવા ઇચ્છતા ભક્તજનોએ ચેક અથવા ડ્રાફ 'શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ સર્વજીવહિતાવહ ટ્રસ્ટ'ના નામે મોકલવા વિનંતી.

॥ શ્રી સ્વામિનારાયણાય નમઃ ॥

-: પ્રારંભ :-		-: પૂર્ણાહુતિ :-
તા.૦૩/૧૧/૧૬ કારતક સુદ - ૪ ગુરુવાર	ચાલો, દિવ્યતાના પંથે...	તા.૦૯/૧૧/૧૬ કારતક સુદ - ૯ બુધવાર

સત્સંગ સાધના શિબિર - ઋષિકેશ

- સત્સંગ સાધના શિબિર એટલે જપ, તપ અને સ્વાધ્યાયનો ત્રિવેણી સંગમ.
- પ્રાતઃકાલીન સ્વૈચ્છિક ગંગા સ્નાન બાદ ભગવદ્ પૂજન, મંત્રજપ, કીર્તન કરીને સંતોના દર્શનનો અલભ્ય લાભ.
- ધ્યાન તથા મંત્રજપની તાલીમ તેમજ સ્વરુચિ અને શ્રદ્ધા અનુસાર અનુષ્ઠાન.
- પ્રાતઃ અલ્પાહાર બાદ પૂજ્ય સ્વામીજી તથા સંતો સાથે અધ્યાત્મ પોષણ માટેનો સત્સંગ વાર્તાલાપ સાથે કીર્તનભક્તિનો આસ્વાદ.
- બપોરના ભોજન પ્રસાદ બાદ નાના-મોટા સંતો પાસે બેસીને સત્સંગ પ્રશ્નોત્તરી અને મનના સમાધાન.
- મધ્યાહ્ન વિરામ બાદ ઠાકોરજી અને સંતો સાથે ગંગામૈયામાં અભિષેક દર્શન તથા પવિત્ર સ્નાન.
- બપોર પછીના સત્સંગમાં વચનામૃત કવીઝ, સત્સંગની જૂની-નવી રીતભાત અને નર્તન સાથે સંકીર્તન.
- સાયંકાળે પરમાર્થ નિકેતન ઘાટ પર થતી ગંગામૈયાની આરતી, યજ્ઞદર્શન અને પૂ. મુનિજી સાથે સંકીર્તન.
- દરરોજ રાત્રી કાર્યક્રમમાં યુવાન સંતોના સાધનાના તથા હરિભક્તોના સત્સંગના અનુભવોનું શ્રવણ.
- પૂજ્ય ગુરુદેવ શાસ્ત્રીજી મહારાજની સત્સંગ સભર અમૃતવાણીનું શ્રવણ.
- ઠાકોરજીના સાનિધ્યમાં અને સંતોની સંગાથે દિવ્ય રાસોત્સવ.
- વચનામૃતના આધારે આત્મનિરીક્ષણનો સ્વાધ્યાય તથા ધ્યાનની કલાઓનો અભ્યાસ.

: આયોજક :

શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ વિશ્વવિદ્યા પ્રતિષ્ઠાનમ્(SGVP) અમદાવાદ

સ્થળ : પરમાર્થ નિકેતન આશ્રમ-ઋષિકેશ

વિશેષ માહિતી માટે સંપર્ક

પૂજ્ય શ્રી ભક્તિવેદાંતદાસજી સ્વામી : ૯૮૨૫૩૧૫૦૩૦
શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ, અમદાવાદ : ૯૮૨૫૨૧૦૦૯૬

પૂજ્ય શ્રી મુક્તસ્વરુપદાસજી સ્વામી : ૯૦૯૯૦૯૨૫૫૬
શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ, દ્રોણેશ્વર : ૯૯૦૯૯૭૭૭૨૬

શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ વિશ્વવિદ્યા પ્રતિષ્ઠાનમ્, છારોડી : (૦૨૭૧૭)૨૪૨૧૪૧, ૯૮૨૫૨૧૦૦૩૮

Web : www.swaminarayangurukul.org, Email : memnagar@sgvp.org

- શિબિરમાં જોડાવા ઈચ્છતા ભક્તજનોએ શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ-અમદાવાદ, છારોડી તેમજ દ્રોણેશ્વરના કાર્યાલય પરથી ફોર્મ મેળવીને ફોટા સાથે સંપૂર્ણ માહિતી ભરી તા.૧૦/૮/૧૬ સુધીમાં જમા કરાવવાનું રહેશે.

- આ શિબિર સાધનામય છે, તેથી શરીરથી સશક્ત, પોતાની ક્રિયા પોતાની રીતે જ કરી શકે એવા ભાવિકો જ શિબિરમાં જોડાઈ શકશે. બધા જ શિબિરાર્થીઓ માટે ભોજન પ્રસાદની વ્યવસ્થા શિબિર સ્થળે જ રાખવામાં આવેલ છે. - આવાસ તેમજ ભોજનની સેવા પેટે રૂા. ૩૫૦૦/- ફોર્મ સાથે જમા કરાવી પહોંચ તેમજ આઈ.ડી. કાર્ડ મેળવી લેશો. - શિબિર સ્થળ સુધી આવવા-જવાની વ્યવસ્થા પોતાની રીતે જ કરવાની રહેશે. - શિબિરનો પ્રારંભ તા. ૩/૧૧/૧૬ના રોજ સવારે થવાનો હોવાથી શિબિરાર્થીએ તા. ૨/૧૧/૧૬ના રોજ સાંજ સુધીમાં પરમાર્થ નિકેતન આશ્રમ, ઋષિકેશ પહોંચીને રજીસ્ટ્રેશન કરી ઉતારો મેળવી લેવો. તે પહેલા ઉતારાની વ્યવસ્થા થઈ શકશે નહીં. - શિબિરની પૂર્ણાહુતિ તા.૯/૧૧/૧૬ના રોજ બપોરે ૧૨:૦૦ વાગ્યે થશે, ત્યારબાદ શિબિરાર્થી ભક્તો વિદાય લઈ શકશે.

પ્રથમ પાટોત્સવ પ્રસંગે શ્રી કષ્ટભંજનદેવને ધરાવવામાં આવેલ અન્નકૂટની આરતીના દર્શન, દ્રોણેશ્વર

અન્નકૂટના પ્રસાદનું અંધ-અપંગ શાળામાં વિતરણ કરતા પરમ પૂજ્ય બાલકૃષ્ણદાસજી સ્વામી

શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ દ્રોણેશ્વર

માતુશ્રી આર.ડી. વરસાણી કુમાર તથા કન્યા વિદ્યાલય

ઉદ્‌ઘાટન સમારોહ

હનુમાન જયંતિના પાવન પ્રસંગે સદ્‌ગુરુ સંતો તથા મહાનુભાવોની ઉપસ્થિતિમાં ભવ્ય ઉદ્‌ઘાટન

તારીખ ૨૨ એપ્રિલ, શુક્રવાર-૨૦૧૬ સમય સવારે : ૯ થી ૧૨

(શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ વિશ્વવિદ્યા પ્રતિષ્ઠાનમ્ (SGVP) ની શાખા)

॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥

શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ વિશ્વવિદ્યા પ્રતિષ્ઠાનમ્ (SGVP) અમદાવાદ આયોજીત

માનવપુષ્પોમાં સુગંધ પુરવાનો અવસર એટલે...

બાલ-બાલિકા સત્સંગ શિબિર

(સત્સગં, સ્પર્ધા, સ્વીમીંગ, સ્પોર્ટસ્‌નો સુભગ સમન્વય)

ધોરણ ૫ થી ૧૨ સુધીના બાળકો તેમજ બાલિકાઓ માટે

તા. ૦૨ થી ૦૮ મે

૨૦૧૬

શિબિરના ફોર્મ માટે અમદાવાદ, છારોડી તથા દ્રોણેશ્વર ગુરુકુલની ઓફિસનો સંપર્ક કરવો

-: વિશેષ માહિતી માટે :-

બાળકો માટે : ૯૮૨૫૩ ૧૫૦૩૦, ૯૦૯૯૦ ૯૨૫૫૬

બાલિકા માટે : ૯૯૨૫૦ ૨૬૯૦૬, ૯૯૭૮૭ ૯૦૯૨૯

"GURUKUL DARSHAN" R.N.I.No. GUJGUJ/2009/28937. Registered under Postal Reg. No. GAMC-1468/2016-2018
Valid Upto 31-12-2018 issued by SSPO's Ahmedabad City Division, permitted to post at Ahmedabad PSO on 25th of every month.
Licence to post without Prepayment No. CPMG/GJ/112/2016-2018 valid upto 31-12-2018. Date of Publication is 25th of every month.



શ્રી ધર્મજીવન જ્ઞાનયજ્ઞ - લોનાવાલા